સુવિચાર

કોઈની ટીકા કરીએ ત્યારે આપણી ઓછી
અક્કલ કે અજ્ઞાનતાનું માપ ન નીકળી આવે
તેની ખાસ તકેદારી રાખવી જોઈએ...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક






પોલીસની નિષ્ક્રીયતાઃ
લુખ્ખાઓ બન્યા બેફામ,
ગણેશ પંડાલ પર ગંજેરીઓએ
સોડા બોટલના ઘા કરી
સંચાલક પર કર્યો હુમલો P-4


Year-16, Issue-120 ■ DATE : 29-08-2025 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# બિટકોઇન ખંડણી કેસમાં પૂર્વ MLA નલિન કોટડિયા સહિત ૧૪ને આજીવન કેદ

**અમદાવાદ સેશન્સ કોર્ટનો મહત્વનો ચુકાદોઃ પૂર્વ આઈપીએસ જગદીશ પટેલ પણ દોષીતઃ શૈલેષ ભટ્ટ પાસેથી ૨૦૦ બિટકોઈન પડાવી ૩૨ કરોડની ખંડણી માગી હતી**





**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ભારતમાં નોટ બંધી બાદ લોકોએ ક્રિપ્ટો કરન્સીમાં રૂપિયા રોકવાનું શરૂ કર્યું હતું. ત્યારે સુરત-માં બીટ કનેક્ટ નામની કંપનીએ ક્રિપ્ટો કરન્સીમાં લોકોને રોકાણ કરાવવાનું શરૂ કર્યું હતું. તે પૈકી બિલ્ડર શૈલેષ ભટ્ટે પણ પોતાની કમાણી રોકી હતી. પરંતુ કંપનીએ તાળા મારી દીધા હતા અને લોકોના પૈસા ડૂબ્યા હતા. જેને લઈને શૈલેષ ભટ્ટે પોતાના મળતિયાઓને સાથે રાખીને બીટ કનેક્ટ લિમિટેડના કર્મચારી અને હોદ્દેદારનું અપહરણ કર્યું હતું અને તેમની પાસેથી બીટકોઈન, લાઈટ કોઈન તેમજ કરોડો રૂપિયા પડાવ્યા હતા. ત્યાર બાદ ૨૦૧૮માં કેટલાક પોલીસ અધિકારીઓએ શૈલેષ ભટ્ટનું અપહરણ કરી ૨૦૦ બિટકોઈન પડાવી ૩૨ કરોડ ખંડણી માગી હતી.

શૈલેષ ભટ્ટના અપહરણ અને ખંડણીના આ કેસમાં હવે સિટી સેશન્સ કોર્ટની ACB કોર્ટે ચુકાદો આપ્યો છે. જેમાં પૂર્વ ધારાસભ્ય નલિન કોટડીયા, અમરેલીના પૂર્વ એસપી જગદીશ પટેલ, પૂર્વ પીઆઈ અનંત પટેલ સહિત ૧૪ આરોપીઓ દોષિત જાહેર થયા છે. આ તમામને આજીવન કેદની સજા ફટકારી છે. દોષિતોએ શૈલેષ ભટ્ટનું અપહરણ કરીને ૨૦૦ બિટકોઈન પડાવ્યા હતા અને છોડવા માટે ૩૨ કરોડની માંગ કરી હતી.

તત્કાલિન અમરેલી જિલ્લા પોલીસ વડા જગદીશ પટેલ, તત્કાલીન અમરેલી LCB પીઆઈ અનંત પટેલ, CBI ઈન્સ્પેક્ટર સુનિલ નાયર, કિરીટ પાલડીયા, વકીલ કેતન પટેલ, પોલીસ કર્મચારીઓ તેમજ પૂર્વ BJP MLA નલિન કોટડીયા સહિત ૧૫ લોકોની ધરપકડ થઈ હતી. જેમાંથી જતીન પટેલનો નિર્દોષ છુટકારો થયો છે.શૈલેષ ભટ્ટનું અપહરણ કરનાર આરોપી પોલીસ કર્મચારીઓ સામે અને પૂર્વ MLA નલિન કોટડિયા સામે CID ક્રાઈમ ગાંધીનગર ખાતે ફરિયાદ નોંધાઈ હતી. તેઓ સામે ભ્રષ્ટાચારનો કેસ નોંધાયો હતો. આ કેસ અમદાવાદની સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ ખાતે આવેલ ACB ની વિશેષ અદાલતમાં ચાલ્યો હતો. સરકારે વિશેષ સરકારી વકીલ તરીકે અમિત પટેલની નિમણૂક કરી હતી.

શૈલેષ ભટ્ટની અરજી ઉપર ઉચ્ચ પોલીસ અધિકારી અને CBI ઈન્સ્પેક્ટર સામે સામે ખંડણીની ફરિયાદ નોંધાઈ હતી. શૈલેષ ભટ્ટ ઉપર આક્ષેપ છે કે તેણે ૨૨૫૭ બિટકોઈન, લાઈટ કોઈન અને ૧૪.૫ કરોડ રૂપિયા વાપર્યા છે અથવા સંતાડ્યા છે. શૈલેષ ભટ્ટે બીટ કનેક્ટ કંપનીના હોદ્દેદારો અને કર્મચારીઓને કિડનેપ કરીને ૨૦૨૧ બીટકોઈન, ૧૧૦૦૦ લાઈટ કોઈન અને ૧૪.૫ કરોડ રૂપિયાની ખંડણી મેળવી હતી.

શૈલેષ ભટ્ટે બીટ કનેક્ટ કંપનીમાં આશરે ૧.૧૪ કરોડ રૂપિયા ડૂબી જતા તેને પ્લાન બનાવીને કંપનીના હોદ્દેદારો અને કર્મચારીઓનું અપહરણ કરીને બીટકોઈન, લાઈટ કોઈન તેમજ રોકડા રૂપિયા પડાવ્યા હતા. શૈલેષ ભટ્ટે તે સમયના અમરેલીના SP જગદીશ પટેલ અને કેટલાક પોલીસ ઓફિસર સામે ફરિયાદ નોંધાવેલી. જેમાં તેણે જણાવ્યું હતું કે તેને કિડનેપ કરીને તેની પાસેથી ૧૭૬ બિટકોઈન પડાવી લેવામાં આવ્યા હતા. શૈલેષ ભટ્ટે બીજી ફરિયાદ CBI ના પોલીસ ઈન્સ્પેક્ટર સુનિલકુમાર વિરુદ્ધ કરી હતી. જેને અરજદારને ED અને આઈકર વિભાગની બીક બતાવીને દસ કરોડ રૂપિયાની લાંચ માગી હતી. જેની ડીલ ૦૫ કરોડમાં નક્કી થઈ હતી અને ૪.૬૦ કરોડ ચૂકવવામાં આવ્યા હતા.

## અમેરિકા ૨૫ ટકા વધારાની ડ્યુટી દુર નહીં કરે ત્યાં સુધી કોઇ વાતચીત નહીં

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારત અને અમેરિકા વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલી વેપાર વાટાઘાટો ફરી એકવાર મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે. ભારત ટ્રમ્પની દબાણયુક્ત રણનીતિ સામે ઝૂકવાનું નથી. ભારતે સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી અમેરિકા ૨૫ ટકા વધારાની ડ્યુટી દૂર નહીં કરે ત્યાં સુધી કોઈ વાટાઘાટો થશે નહીં. ઈન્ડિયન એક્સપ્રેસે તેના એક અહેવાલમાં વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીને ટાંકીને આ માહિ-તી આપી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, વાટાઘાટો ચાલુ રાખવા માટે યુએસ પ્રતિનિધિમંડળ ૨૫ ઓગસ્ટે નવી દિલ્હી આવવાનું હતું પરંતુ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે અચાનક આ કાર્યક્રમ બંધ કરી દીધો. ટ્રમ્પે રશિયા પાસેથી ભારતની તેલ ખરીદીને એક મોટો અવરોધ ગણાવ્યો અને કહ્યું કે જ્યાં સુધી આ મુદ્દો ઉકેલાય નહીં ત્યાં સુધી કોઈ વેપાર કરાર શક્ય નથી.

અધિકારીએ જણાવ્યું કે સરકાર અમેરિકા સાથે વાટાઘાટો ચાલુ રાખી રહી છે અને ૨૫ ઓગસ્ટે યોજાનારી વાટાઘાટોનો માત્ર રાઉન્ડ મુલતવી રાખવામાં આવ્યો છે. અધિકારીએ કહ્યું, ફ્કઅમે હાલમાં વેપાર કરાર પર વાટાઘાટો કરી રહ્યા નથી, પરંતુ વાતચીત હજુ પણ ચાલી રહી છે. કરાર પર વાટાઘાટો કરવા માટે, પહેલા વધારાની ૨૫ ટકા ડ્યુટી પર વિચાર કરવો પડશે. કારણ કે જો આપણે વેપાર કરાર કરીએ છીએ અને વધારાની ડ્યુટી હજુ પણ ચાલુ રહે છે, તો તેનાથી આપણા નિકાસકારોને કોઈ ફરક પડશે નહીં.

ટ્રમ્પે ૬ ઓગસ્ટના રોજ જાહેરાત કરી હતી કે રશિયાથી ભારતની ક્રૂડ ઓઈલ આયાત પર વધારાની ૨૫ ટકા ડ્યુટી લાદવામાં આવશે. તેમણે કહ્યું હતું કે ભારતનું આ પગલું અમેરિકન હિતોની વિરુદ્ધ છે અને તેનાથી બંને દેશો વચ્ચે સંતુલિત વેપાર કરારની સંભાવનાઓ પર અસર પડી છે. તમને જણાવી દઈએ કે છેલ્લા ઘણા વર્ષોથી ભારત અને અમેરિકા વચ્ચે વ્યાપક વેપાર કરાર માટે પ્રયાસો ચાલી રહ્યા છે.

કૃષિ, માહિતી ટેકનોલોજી, દવાઓ અને ઉર્જા ક્ષેત્રને લગતા મુદ્દાઓ વાટાઘાટોના અનેક રાઉન્ડમાં સામે આવ્યા છે. જો કે, ડ્યુટી અને આયાત-નિકાસ શરતો પર મતભેદોને કારણે કરાર ઘણીવાર અટકી ગયો છે. ૨૦૧૯ માં પણ, બંને દેશો વચ્ચે ડ્યુટી વિવાદ વધ્યો, જ્યારે અમેરિકાએ ભારતને જનરલાઈઝ્ડ સિસ્ટમ ઓફ પ્રેફરન્સની યાદીમાંથી બાકાત રાખ્યું. આ પછી, ભારતે પણ અમેરિકન ઉત્પાદનો પર બદલો લેવાની ફરજો લાદી.

## દેશના માર્ગો ખતરનાક બન્યાંઃ દર ત્રણ મિનિટે ૧ મોત

### માર્ગ પરિવહન મંત્રાલયે રજૂ કર્યા ખોફનાક આંકડા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય અખબારોમાં નજર કરીએ તો, દરરોજ સવારે માર્ગ અકસ્માતોના સમાચારોથી ભરેલા હોય છે. ક્યારેક પહાડ પરથી બસ પડી જાય છે, ક્યારેક નશામાં ધૂત વાહન ચાલક રાહદારીઓ પર ચડી જાય છે. રસ્તા પરના ઝાડ અને થાંભલા સાથે કાર અથડાય છે. ક્યારેક દ્વિચક્રી વાહનો મોટા વાહનોની ટક્કરમાં ફસાઈ જાય છે. આ બધા માર્ગ અકસ્માતો આપણું ધ્યાન એક મોટી દુર્ઘટના તરફ ખેંચે છે.

દેશમાં માર્ગ અકસ્માતોમાં જીવ ગુમાવવાનો ટ્રેન્ડ ચાલુ છે. માર્ગ પરિવહન મંત્રાલયના તાજેતરના અહેવાલ મુજબ, ૨૦૨૩ માં ખાડાઓને કારણે ૨,૧૬૧ લોકોએ જીવ ગુમાવ્યા. આ ગયા વર્ષ કરતા લગભગ ૧૬.૪% વધુ છે. ખોટી દિશામાં વાહન ચલાવવા અને લેન અનુશાસનહીનતાને કારણે મૃત્યુ પામનારાઓની સંખ્યા પણ ગયા વર્ષે ૯,૦૯૪ થી વધીને ૨૦૨૩ માં ૯,૪૩૨ થઈ ગઈ. માર્ગ પરિવહન મંત્રાલયે ગુરુવારે 'ભારતમાં માર્ગ અકસ્માતો ૨૦૨૩' રિપોર્ટ જાહેર કર્યો, જે સુપ્રીમ કોર્ટ દ્વારા ઓગસ્ટના અંતમાં જાહેર કરવાની સમયમર્યાદાના થોડા દિવસો પહેલા જ હતો.

અહેવાલ મુજબ, ૨૦૨૩ માં ભારતીય રસ્તાઓ પર લગભગ ૧.૭૩ લાખ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો, એટલે કે દર ત્રણ મિનિટે એક મૃત્યુ. ૨૦૨૨ ની સરખામણીમાં માર્ગ અકસ્માતોમાં મૃત્યુઆંક લગભગ ૨.૬% વધ્યો. તે જ સમયે, ઘાયલોની સંખ્યા ૪.૪% વધીને ૪.૬ લાખથી થોડી વધારે થઈ ગઈ. કુલ મૃત્યુના ૬૮% મૃત્યુ માટે ગતિ મુખ્ય કારણ રહ્યું, ત્યારબાદ ખોટી રીતે વાહન ચલાવવું અને લેનનું ઉલ્લંઘન (૫.૫%) રહ્યું.

## ટ્રમ્પે ઝીંકેલા ટેરિફ વચ્ચે વડાપ્રધાન મોદી જાપાનમાંઃ બન્ને દેશો વચ્ચે વેપારી સંબંધો ગાઢ બનશે

**મુખ્ય સમાચાર, ટોકિયો**



અમેરિકાએ ભારત પર ઝીકેલા ૫૦% ટેરીફના તાપ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ વર્ષના અત્યંત મહત્વપૂર્ણ ગણી શકાય તેવા બે રાષ્ટ્રો જાપાન અને ચીનના ચાર દિવસના પ્રવાસના પ્રથમ તબકકામાં આજે જાપાનના પાટનગર ટોકિયો પહોચ્યા તો અહી ભારતીય સમુદાયના લોકો તથા જાપાન સરકાર દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ઉષ્માસભર સ્વાગત થયું હતું.

જાપાન પણ અમેરિકી ટેરીફનો વિવાદનો સામનો કરી રહ્યું છે અને ચીન પર પણ પ્રમુખ ટ્રમ્પે ઉંચા ટેરીફ લાદયા છે અને ઉપરાંત અનેક ધમકીઓ પણ આપી રહ્યું છે. તે વચ્ચે વડાપ્રધાન ૨૦૧૮ બાદ પ્રથમ વખત ચીનની પણ મુલાકાત લઈને શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનની બેઠકમાં હાજરી આપવાની સાથે ચીનના રાષ્ટ્રપતિ શી જીનપીંગ સાથે બેઠક પણ યોજશે.

ગઈકાલે રાત્રીના રવાના થયા બાદ મોદીનું અહી ભારતીય મૂળના સેંકડો લોકોએ મંત્રોચ્ચાર કર્યા હતા તો જાપાની મહિલાઓએ ભારતીય નૃત્ય કરીને ભારતીય વડાપ્રધાનને આવકાર્યા હતા તથા જાપાની મહિલાએ એક ભજન ગાઈને વડાપ્રધાને પ્રસન્ન કરી દીધા હતા.

જાપાની નાગરિકોએ ભારતીય તબલાવાદન પણ કર્યુ હતું. આ જાપાની તબલા વાદકે વડાપ્રધાનના મતક્ષેત્ર બનારસમાં પંડિત લક્ષ્મી મહારાજ પાસે તબલાવાદન શિખ્યું હતું. મોદી આજે અને આવતીકાલે જાપાનમાં રોકાશે અને જાપાનના વડાપ્રધાન શિગેરૂ ઈશિબા સાથે શિખર સંમેલન યોજાશે. ખાસ કરીને અમેરિકી ટેરીફ સંદર્ભમાં બન્ને દેશો વચ્ચે ટેકનોલોજીકલ વ્યાપારી સંબંધો વધુ ગાઢ અને જાપાનીઝ કંપનીઓ ભારતમાં સેમીકન્ડકટર સહિતના ક્ષેત્રે રોકાણ કરે તેને ભારત આવકારશે.

મોદી તા.૩૧ના રોજ ચીન પહોંચશે અને આ દેશના તિયાનજીનમાં શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝશનની બેઠકમાં હાજરી આપશે. મોદીનો જાપાનનો આઠમો પ્રવાસ છે તો ચીનમાં તેમનો સાત વર્ષ પછીના પ્રવાસમાં ખાસ કરીને ભારત-ચીન વચ્ચેના તનાવ ભર્યા- સરહદી-વિવાદી સહિતના પ્રશ્નોમાં રાહત મળશે.

## વડાપ્રધાન મોદીને અપશબ્દ બોલવા મામલે પટનામાં હોબાળોઃ ભાજપ-કોંગ્રેસના કાર્યકરો વચ્ચે મારામારી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અને માતાને અપશબ્દો કહેવા બદલ આજે ભાજપ અને કંગ્રેસના કાર્યકરો વચ્ચે ઝપાઝપી થઈ હતી. દરભંગામાં આરજેડી અને કોંગ્રેસની સંયુક્ત રેલીને સંબોધિત કરતાં પીએમ મોદી અને તેમની માતા વિરૂદ્ધ અભદ્ર ટીપ્પણી કરવા બદલ આજે ભાજપના કાર્યકરોએ પટનામાં કોંગ્રેસ કાર્યાલયની બહાર દેખાવો કર્યા હતા. બાદમાં આ દેખાવો આક્રમક બન્યા હતાં.

મીડિયા એજન્સી દ્વારા રજૂ કરવામાં આવેલા વીડિયોમાં બંને પક્ષના કાર્યકરો એકબીજા સાથે ઝપાઝપી કરતા જોવા મળ્યા છે. તેઓ પક્ષના ઝંડો લઈ એકબીજા પર હુમલો કરી રહ્યા હતા.નજીકના પોલીસ



સ્ટેશનને ઘટનાની જાણ થતાં જ તે ઘટનાસ્થળે પહોંચી હતી.

કોંગ્રેસના નેતાઓ ભાજપના કાર્યકરો પર આક્ષેપ કર્યો હતો કે, ભાજપના કાર્યકરો કોંગ્રેસ કાર્યાલયનો ગેટ તોડી અંદર ઘૂસ્યા હતા. તેમણે લાઠીઓ ઉગામી હતી. કાર્યાલયમાં પાર્ક કરેલી ગાડીઓના કાચ તોડ્યા હતા. પથ્થરમારો પણ કર્યો હતો. જેમાં કોંગ્રેસના અમુક કાર્યકરોને ઈજા પહોંચી હતી. એક કાર્યકરનું માથુ પણ ફાટી ગયુ હતું. ભાજપના નેતાઓએ સદાકત આશ્રમ સુધી રેલી યોજી રાહુલ ગાંધી અને I.N.D.I.A ગઠબંધનના અન્ય નેતાઓ વિરૂદ્ધ નારેબાજી કરી હતી. આ દેખાવો દરમિયાન ભાજપના કાર્યકરોએ પટનામાં કોંગ્રેસ પ્રદેશ કાર્યાલય સદાકત આશ્રમમાં તોડફોડ કરી હતી. કોંગ્રેસ કાર્યકરોએ તેમનો વિરોધ કર્યો હતો. બંને પક્ષોએ એક-બીજા પર લાઠીઓ વરસાવી હતી. પથ્થરમારો પણ થયો હતો. પરિસ્થિતિને અંકુશમાં લેવા પોલીસે બળ પ્રયોગ કર્યો હતો.

## પંજાબમાં ૩૭ વર્ષની ભીષણ સ્થિતિઃ પુરને કારણે અનેક ગામ ડૂબ્યાં

**મુખ્ય સમાચાર, અમૃતસર**

પંજાબમાં પૂરના કારણે સ્થિતિ બગડી રહી છે. હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરને અડીને આવેલા જિલ્લામાં હાલ સ્થિતિ ખૂબ ખરાબ છે અને અનેક ગામો સંપૂર્ણ પાણીમાં ડૂબી ગયા છે. અહીં રહેતા લોકો હાલ અસ્થાયી કેમ્પમાં રહેવા માટે મજબૂર છે. કોઈ આલીશાન ઘર છોડીને ભાગવા મજબૂર બન્યું છે તો કોઈકને પોતાના પશુઓને કાઢવા સુધીનો પણ સમય નથી મળ્યો.

પંજાબના લોકોનું કહેવું છે કે, ૧૯૮૮ બાદ પહેલીવાર આટલું ભયાનક પૂર આવ્યું છે. એટલે કે, ૩૭ વર્ષનો રેકોર્ડ તૂટ્યો છે. હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં સતત વરસાદના કારણે સતલુજ, બ્યાસ અને રાવી નદીઓ પણ બે કાંઠે વહેતી થઈ છે. ૩૭ વર્ષમાં સૌથી ભીષણ પૂરથી પંજાબ પાણી-પાણી,



૩ નદીઓ ગાંડીતૂર થતાં અનેક ગામ ડૂબ્યાં

આસપાસ દૂર-દૂર સુધી રહેણાંક વિસ્તારોમાં પાણી ફરી વળ્યા છે. કેટલાક વિસ્તારોમાં પરિસ્થિતિ એવી છે કે જ્યાં સુધી નજર પડે ત્યાં સુધી ફક્ત પાણી જ દેખાય છે. ખાસ કરીને પઠાણકોટ, ગુરદાસપુર, ફાઝિલ્કા, તરન તારન, કપૂરથલા, ફિરોઝપુર, હોશિયારપુર અને અમૃતસરમાં પરિસ્થિતિ ખરાબ છે. નીચાણવાળા વિસ્તારોમાં સેંકડો ગામો સંપૂર્ણપણે ડૂબી ગયા છે. મોટાભાગના ઘરો પાણીમાં ડૂબી ગયા છે. જેના કારણે, હજારો લોકોને સ્થળાંતર કરવું પડ્યું છે અને જાનમાલનું મોટું નુકસાન થયું છે.

હાલ રાહત અને બચાવ કામગીરી શરૂ છે, પરંતુ પહાડોથી મેદાનો સુધી સતત વરસાદના કારણે મુશ્કેલીઓ વધી ગઈ છે. મુખ્યમંત્રી ભગવંત માને તમામ અસરગ્રસ્ત જિલ્લાઓમાં વહીવટીતંત્રને બચાવ કામગીરી ઝડપી બનાવવાનો આદેશ આપ્યો છે. આજે તેઓ આ અંગે ચંદીગઢમાં ઉચ્ચ સ્તરીય બેઠક પણ યોજવાના છે. રાજપુરામાં ફ્લડ કંટ્રોલ રૂમ બનાવવામાં આવ્યો છે. આ ઉપરાંત, એક ઈમરજન્સી હેલ્પલાઈન નંબર પણ જાહેરી કરવામાં આવ્યો છે.

## દરેક રાજય સરકારો અને કેન્દ્ર સરકાર સાથે સારો સમન્વયઃ મોહન ભાગવત



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સંઘ પ્રમુખે જણાવ્યું હતું કે આપણે ત્યાં મતભેદ હોઈ શકે છે, મનભેદ નથી. અમારો દરેક સરકારો રાજય સરકારો, કેન્દ્ર સરકારો બન્નેની સાથે સારો સમન્વય છે. પરંતુ કેટલીક વ્યવસ્થા એવી પણ છે જેમાં કેટલોક આંતરિક વિરોધાભાસ છે, કુલ મળીને વ્યવસ્થા એ છે, જેનો અવિષ્કાર અંગ્રેજોએ શાસન કરવા માટે કર્યો હતો.

એટલે આપણે કેટલાક સુધારા કરવા પડશે. અમે ઈચ્છીએ છીએ કે કંઈક થાય. ભલે જ ખુરશી પર બેઠેલ વ્યક્તિ અમારા માટે પુરી રીતે સમર્પિત હોય પણ તેણે કરવું પડશે અને તે જાણે છે કે તેમાં શું વિઘ્ન છે. આપણે તેને સ્વતંત્રતા આપવી પડશે.

આરએસએસ ભાજપ માટે નિર્ણય લે છે એ સાચું નથી. જે.પી.નારાયણથી માંડીને પ્રણવ મુખર્જી સુધીનાએ અમારા બારામાં પોતાનો દૃષ્ટિકોણ બદલ્યો છે.

## આરબીઆઇના ભુતપૂર્વ ગવર્નર ઉર્જિત પટેલ IMF માં એક્ઝિ. ડિરેકટર બન્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ભૂતપૂર્વ ગવર્નર ઉર્જિત પટેલને આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર તરીકેનો તેમનો કાર્યકાળ દેશની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. તેમની નિમણૂક ત્રણ વર્ષ માટે રહેશે.

મંત્રીમંડળની નિમણૂક સમિતિની મંજૂરી બાદ, ઉર્જિત પટેલને આ ખૂબ જ મહત્વપૂર્ણ પદ માટે પસંદ કરવામાં આવ્યા હતા અને આ માહિતી કેન્દ્ર સરકારના ૨૮ ઓગસ્ટના રોજ જાહેર કરાયેલા નોટિફિકેશનમાં આપવામાં



આવી હતી.

તેમણે ડિસેમ્બર ૨૦૧૮ માં ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર પદ પરથી રાજીનામું આપ્યું હતું. તેમનો કાર્યકાળ સપ્ટેમ્બર ૨૦૧૯ સુધીનો હતો, પરંતુ તે પહેલાં તેમણે રાજીનામું આપી દીધું હતું. તેઓ ના ચેરમેન તરીકે પણ કામ કરી ચૂક્યા છે.

## એક જ ઘરમાં ૯૪૭ મતદાર હોવાનો રાહુલ ગાંધીનો ઘટ્ટસ્ફોટ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મતદાર યાદીમાં ગોટાળા જાહેર કરીને સરકાર તથા ચુંટણીપંચ સામે મેદાને પડેલા કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ એક જ ઘરમાં ૯૪૭ મતદારો હોવાનો વધુ એક ઘટ્ટસ્ફોટ કર્યો છે અને નવા સવાલ ઉઠાવ્યા છે.

રાહુલ ગાંધીના આ આરોપ બાદ ચૂંટણીતંત્ર તથા વહીવટીતંત્ર હરકતમાં આવ્યુ હતું અને એવો બચાવ રજુ કર્યો હતો કે મકાનોમાં કોઈ નંબર ન હોવાના કારણોસર મતદારોના મકાન નંબર 'કોમન' તરીકે નાખી દેવામાં આવ્યા હતા.

રાહુલ ગાંધીએ ટવિટમાં ચૂંટણીપંચનો ચમત્કાર ગણાવીને એક મકાનમાં ૯૪૭ મતદારો હોવાની પોસ્ટ મુકી હતી. સતાવાર



મતદાર યાદીમાં મકાન નં.૬માં ૯૪૭ મતદાર દર્શાવવામાં આવ્યા છે. હકીકતે આવુ હોઈ શકે?

બોધગયા જીલ્લાના નદાની ગામનો આ કિસ્સો છે. ગામમાં સેંકડો મકાનો અને પરિવારો છે. પરંતુ સમગ્ર ગામને કાલ્પનિક મકાન તરીકે ગણી દેવાયુ છે.

ચોથી જાગીરનો પડકાર
મુખ્ય સમાચાર
સાંધ્ય દૈનિક
FRIDAY 29/08/2025 

# જામનગર જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરી જામનગર ખાતે જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો.જેમાં આવેલ ૧૯ પૈકી ૧૭ અરજીઓનો સ્થળ પર જ ત્વરિત નિકાલ કરી અરજદારોની સમસ્યા તથા પ્રશ્નોનું નિરાકરણ લવાયું હતું.જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાયેલ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ અરજદારોની સમસ્યાને જિલ્લા કલેક્ટરએ ધ્યાનપૂર્વક સાંભળી હતી.ઉપરાંત વિવિધ અરજદારોના પ્રશ્નો સંદર્ભે જે-તે વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી ચોક્કસ સમય મર્યાદામાં પ્રશ્નોના નિકાલ લાવવા સૂચના આપી હતી.સાથે સાથે જ્યાં જરૂર જણાઈ ત્યાં વિભાગોનું અરસ પરસ સંકલન કરી અરજદારનો પ્રશ્ન ઝડપથી હલ થાય તે માટે જિલ્લા કલેક્ટરએ પ્રયાસો કર્યા હતા.આ સ્વાગત કાર્યક્રમમાં અરજદારોના વિવિધ પ્રશ્નો જેવા કે જાહેર



રસ્તાઓની મરામત, વરસાદી પાણીને અટકાવવા અંગેની ફરિયાદ, કેનાલ રિપેર કરી સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ કરાવવુ, આયુર્વેદ દવાખાનાનું કામ શરૂ કરવુ, હકપત્રકે યોગ્ય નોંધ થવા બાબત, ખાનગી માલીકીની જગ્યામાં દબાણ, કેનાલથી ખેતર સુધી પાઈપ લાઈન માટે મંજુરી આપવી, પીવાના પાણીનું નળ કનેક્શન, સ્ટ્રીટ લાઈટ અને સી.સી.રોડ બનાવવા, જોખમી કચરાનો યોગ્ય નિકાલ કરવા, જી.જી.હોસ્પીટલમાં સોનોગ્રાફી મશીનની સુવિધા વધારવા, ખાનગી માલિકીની જગ્યા પર નડતર રૂપ સ્ટ્રક્ચર દૂર કરવા, ખેતીવાડી માટે વિજ કનેક્શન મેળવવા, સરકારી ખરાબાની જમીનમાં દબાણ દૂર કરવા વગેરે જેવા પ્રશ્નોને કલેક્ટરએ સાંભળ્યા હતા તેમજ ઉપસ્થિત અધિકારીઓ સાથે ચર્ચા કરી માનવીય અભિગમ દાખવી ત્વરિત આ પ્રશ્નોનો નિકાલ લાવવા તાકીદ કરી હતી.અરજદારોએ પણ કલેક્ટર દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અંગે સંતોષ વ્યક્ત કરી પોતાના પ્રશ્નનું સુખદ સમાધાન થતા હર્ષની લાગણી વ્યક્ત કરી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈની, અધિક નિવાસી કલેક્ટર બી.એન.ખેર, સર્વે પ્રાંત અધિકારીઓ, જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પશુપાલન અધિકારી, માર્ગ અને મકાન વિભાગ પંચાયત તથા સ્ટેટ, સિંચાઈ વિભાગ, ઉંડ જળ સિંચન વિભાગ, પાણી પુરવઠા બોર્ડના કાર્યપાલક ઈજનેરઓ, મામલતદારઓ, તાલુકા વિકાસ અધિકારીઓ, ચીફ ઓફિસરઓ, પી.જી.વી.સી.એલ.ના અધિકારી તથા અરજદારઓ ઉપસ્થિત રહ્યા હતા.


# જામનગરના અલગ અલગ વિસ્તારોમાં એસ.ઓ.જીની ટીમ દ્વારા ડોગ સ્કવોર્ડને સાથે રાખીને ચેકિંગની કાર્યવાહી હાથ ધરાઈ

## શહેરના ગણપતિ પંડાલ, એસટી બસ સ્ટેન્ડ, રિક્ષા સ્ટેન્ડ સહિતના અલગ અલગ વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેર અને જિલ્લામાં ગણપતિ મહોત્સવ ચાલી રહ્યો છે, અને શહેરના અનેક સ્થળોએ મોટી સંખ્યામાં લોકો એકત્ર થતા હોય છે, ત્યારે જામનગરના નવનિયુક્ત એસ.પી. ડો. રવિ મોહન સૈનિ કે જેઓ સુરક્ષા ને લઈ ને સતત એક્શન મોડ માં રહેછે, જેઓની રાહબરી હેઠળ એસ.ઓ.જી.ની ટીમ દ્વારા શહેરના ગણપતિ પાંડાલ, એસટી સ્ટેન્ડ, રિક્ષા સ્ટેન્ડ, સહિતના જાહેર સ્થળો ઉપર પણ ચેકિંગ ની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

એસ.ઓ.જી.ના પી.આઈ. બી.એન. ચૌધરી ની સૂચનાથી પીએસઆઇ એસ પી ગોહિલ એન



તથા એ.વી. ખેર ઉપરાંત એસ.ઓ.જી.ની સમગ્ર ટુકડી ડોગ હેંગલર સોયબભાઈ શમાની ટીમને સાથે રાખીને શહેરના અલગ અલગ વિસ્તારોમાં ઘૂમી હતી.

ખાસ કરીને ગણપતિના મોટા પાંડાલ સહિતના વિસ્તારો, તેમજ સાત રસ્તા રીક્ષા સ્ટેન્ડ, એસટી સ્ટેન્ડ, સહિતના જાહેર વિસ્તારો, ઉપરાંત કેટલાક લારી ગલ્લા સહિતના સ્થળો પર ચેકિંગ કરવામાં આવ્યું હતું. ઉપરાંત અગાઉ એન.ડી.પી.એસ.ના ગુનામાં પકડાયેલા હોય, તેવા આરોપીઓ પૈકી જામનગરના ધરાનગર વિસ્તારમાં રહેતા ગુલામ બીલાલ દલ, તથા હુસેન હસન અમલા વગેરેના રહેણાક મકાનની ઝડતી કરવામાં આવી હતી, અને ડોગ સ્કવોર્ડ ની મદદ લઇ ચેકિંગ કરવામાં આવ્યું હતું. જો કે સમગ્ર કાર્યવાહી દરમિયાન કશું વાંધાજનક મળ્યું ન હતું.

# જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે જોડિયાના જસાપર ગામે રાત્રીસભા યોજી ગ્રામજનોના પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ કર્યું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે જોડિયા તાલુકાનો પ્રવાસ કરી જસાપર ગામે રાત્રીસભાનું આયોજન કર્યું હતું.

આ સભામાં તેમણે ગામલોકો સાથે સીધો સંવાદ સાધી તેમની સમસ્યાઓ અંગે ચર્ચા કરી. ગામલોકોએ મુખ્યત્વે રી-સર્વે અને રસ્તાના સમારકામ અંગે રજૂઆતો કરી હતી. કલેક્ટરએ આ પ્રશ્નોના નિવારણ માટે સંબંધિત અધિકારીઓને તાત્કાલિક પગલાં લેવા સૂચના આપી હતી. આ ઉપરાંત, તેમણે ગામમાં આવેલા આર.ઓ. પ્લાન્ટની મુલાકાત લઈ પીવાના પાણીની ગુણવત્તાની ચકાસણી કરી હતી.સાથે જ કલેક્ટરએ જસાપર ગ્રામ પંચાયતની દફતર તપાસણી કરી હતી, જેમાં તેઓએ તમામ રેકર્ડ અને નિભાવવાપાત્ર રજીસ્ટર્સની ચકાસણી કરી નિયમિત નોંધ કરવા માટે સૂચનાઓ આપી હતી.

તેમણે ગ્રામજનોને આવાસ યોજના અને આયુષ્માન ભારત જેવી વિવિધ સરકારી યોજનાઓથી અવગત કરાવી તેનો મહત્તમ લાભ લેવા માટે પ્રોત્સાહિત કર્યા. આ માટે, તેમણે લગત અધિકારીઓને પણ જરૂરી સૂચનો આપ્યા હતા.

# પીએસઆઈ, રાઈટર વતી લાંચ સ્વીકારતા ઝડપાયેલા પોલીસકર્મીની જામીન અરજી રદ્દ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના એક આસામીએ લાંચ-રૂશ્વત વિરોધી શાખામાં ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે એસીબીએ છટકુ ગોઠવી એસઓજી પોલીસકર્મીને પીએસઆઈ અને રાઈટર વતી લાંચ લેતો પકડી પાડયો હતો. આ આરોપીએ ચાર્જશીટ રજૂ થયા પછી જામીન અરજી રજૂ કરતા અદાલતે તે અરજી નકારી કાઢી છે.

જામનગરના એક આસામી સામે સિટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ચીટીંગ અંગેની એક અરજી કરવામાં આવી હતી. તેની તપાસ ઉદ્યોગનગર પોલીસચોકી પાસે હતી. તે પછી આવી કોઈ અરજી આવે તો જાણ કરવા અને હાલમાં હેરાન ન કરવા માટે લાંચ માંગવામાં આવતી હોવાની ફરિયાદ એસીબીમાં કરાઈ હતી.ગોઠવાયેલા છટકામાં પીએસઆઈ તથા રાઈટર વતી લાંચ લેતા રવિ ગોવિંદભાઈ શર્મા નામના એસઓજી પોલીસ કર્મચારીને પકડી લેવામાં આવ્યો હતો. એસીબીએ રવિ શર્મા ઉપરાંત પીએસઆઈ આર.ડી. ગોહિલ અને રાઈટર ધર્મેશ બટુકભાઈ મોરીની ધરપકડ કરી હતી.આ ગુન્હામાં ચાર્જશીટ થયા પછી આરોપી પૈકીના રવિ ગોવિંદભાઈ શર્માએ જામીનમુક્ત થવા અદાલતમાં અરજી કરતા એડી. પીપી હેમેન્દ્ર મહેતાની દલીલો ગ્રાહ્ય રાખી અદાલતે આરોપીની જામીન અરજી નકારી કાઢી છે.

# જામનગરમાં ઈકોફ્રેન્ડલી ગણેશજીની મૂર્તિ સાથે ગણેશ ચતુર્થીની ઉજવણી






## એનસીસી કેડેટ્સની પર્યાવરણ જાગૃતિ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના આહિર શૈક્ષણિક સંકુલ છાત્રાલયમાં ૮ ગુજરાત નેવલ યુનિટ એનસીસીનો દસ દિવસીય વાર્ષિક તાલીમ કેમ્પ યોજાઈ રહ્યો છે. કેમ્પમાં ગણેશ ચતુર્થી નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.શાળા-કોલેજના કેડેટ્સે પર્યાવરણ પ્રત્યે જાગૃતિ દર્શાવતા ઈકોફ્રેન્ડલી ગણેશજીની મૂર્તિ બનાવી હતી. આ મૂર્તિની વિશેષ પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. કેડેટ્સે પોતાની કલાત્મક કુશળતાનો ઉપયોગ કરી પર્યાવરણને અનુકૂળ મૂર્તિ તૈયાર કરી હતી.કાર્યક્રમ દરમિયાન કેડેટ્સે ભક્તિભાવપૂર્ણ વાતાવરણ સર્જ્યું હતું. ઉજવણીમાં નૃત્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. સમગ્ર કાર્યક્રમમાં રાષ્ટ્રીય એકતાની ભાવના પણ જોવા મળી હતી. કેડેટ્સે ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

# જામનગર જિલ્લામાં પોલીસ વિભાગની મિલકત સંબંધી ગુન્હાના આરોપીઓને ચેક કરવા માટેની ઝુંબેશમાં ૧૪૭ ને ચેક કરાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા ના નવનિયુક્ત એસ.પી. ડો. રવિ મોહન સૈનિ દ્વારા શહેર જિલ્લામાં પોલીસ વિભાગ ની અલગ અલગ ટુકડીને દોડતી કરીને પ્રતિદિન અલગ અલગ ઝુંબેશ ચલાવવામાં આવે છે, જેના ભાગરૂપે ગઈકાલે વધુ એક વખત સમગ્ર જિલ્લામાં મિલકત સંબંધી ગુનાના આરોપીઓને ચેક કરવા માટેની સ્પેશિયલ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું.

જામનગર શહેર અને જિલ્લાના અલગ અલગ પોલીસ મથકોમાં બે કે તેથી વધુ મિલકત સંબંધી ગુન્હા જેવા કે લૂંટ, ધાડ, ઘરફોડચોરી, વાહન ચોરી, ચેઈન સ્નેચિંગ જેવા ગુન્હા આચારનારા શખ્સો ની દરેક પ્રકારની પ્રવૃત્તિ ઉપર દેખરેખ રાખવાના ભાગરૂપે, તેમજ મિલકત સંબંધી ગુન્હાખોરી પર અંકુશ લાવવા માટે ગઈકાલે સતત બીજા દિવસે પણ સમગ્ર જિલ્લામાં સ્પેશિયલ ડ્રાઈવ નું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લાભરમાં આવા ગુન્હેગારોની યાદી તૈયાર કર્યા બાદ કુલ ૧૪૭ શખ્સોને ચેક કરવામાં આવ્યા હતા. એસપી ડો. રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ લાલપુર અને જામનગર શહેર તેમજ ગ્રામ્ય વિભાગના તમામ ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ એલસીબી, એસઓજી તથા શહેરના ત્રણેય પોલીસ ડીવિઝન ઉપરાંત ગ્રામ્ય વિસ્તારના તમામ પોલીસ ડિવિઝનના અધિકારીઓ અને તેઓની સમગ્ર પોલીસ ટીમ આ કામગીરીમાં જોડાઈ હતી.

# બગસરાના શાપર ગામે બહેનની હત્યા કરનાર ભાઈની ધરપકડ



## દીકરી-દીકરાના પ્રેમ સંબંધમાં ભાઈએ જ સગી બહેનની હત્યા કરી નાખી

**મુખ્ય સમાચાર, રાજુલા**

ઉઅમરેલી જિલ્લાના બગસરા તાલુકાના સાપર ગામે બે દિવસ પહેલા હત્યાની ઘટના સામે આવી હતી. સાપર ગામે દીકરી- દીકરાના પ્રેમ સંબંધમાં ભાઈએ જ સગી બહેનની છરી વડે હત્યા કરી નાખી હતી. બગસરા પોલીસે હત્યાનો ગુન્હો નોંધી આરોપીને ઝડપી પાડવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. બગસરા પોલીસે બહેનની હત્યા કરનાર ભાઈ ને ઝડપી પાડયો હતો. હાલ પોલીસે આરોપી નરેશ ચૌહાણને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી અને રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

આ ઘટના એવી હતી કે, મૃતક ગીતાબેનના દીકરા હાર્દિક અને આરોપી નરેશભાઈની દીકરીને પ્રેમ સંબંધ હતો. અને મામાની દીકરીને મહિલાનો દીકરો ભગાડી જતા આરોપી નરેશ ચૌહાણ ગુસ્સો થયા હતા. અને સાપર ગામે અરવિદભાઈ બચુભાઈ રાઠોડના ઘરે પહોંચ્યા. અને દિવાલ કૂદીને અંદર પ્રવેશ્યા હતા. ત્યારબાદ ગીતાબેન સાથે બોલાચાલી કરી છરીના ઘા મારીને સગી બહેનની ભાઈએ જ હત્યા કરી નાખી હતી. અને વચ્ચે પડેલા ગીતાબેનના સાસુ પર પણ હુમલો કર્યો હતો. દિકરી-દિકરાના પ્રેમ સંબંધમાં ભાઈએ જ સગી બહેનની હત્યા કરી અંજામ આપ્યો હતો. હાલ બગસરા પોલીસે હત્યા કરનાર ભાઈને ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટના લઈ સાપર ગામમાં ચકચાર મચી જવા પામી હતી. આ બાબતે ધારી ડિવિઝન એ.એસ.પી. જયવીર ગઢવીએ જણાવ્યું હતુ કે, બગસરા પોલીસ સ્ટેશનમાં સાપર ગામમાં હત્યા ઘટના બની હતી. ફરિયાદીના દીકરાએ આરોપીની દિકરીને ભગાડી જતાં આરોપીને સારું નહીં લાગતા આરોપીએ તેમની સગી બહેનની છરીના ઘા મારી હત્યા કરી હતી. અને વચ્ચે આવતા સાસુ પર પણ હુમલો કર્યો હતો. હાલ પોલીસે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જામનગર એસ.ટી વિભાગના ધ્રોલ ડેપોને ૭ નવી એસટી બસ ફાળવાઈ: ઝંડી બતાવી પ્રસ્થાન કરાવાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર એસ.ટી વિભાગના ધ્રોલ ડેપોમાં ૭ નવી એસ.ટી બસનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે કાલાવડના ધારાસભ્ય મેઘજી ચાવડા ઉપસ્થિત રહ્યા હતા.ઉપરાંત એસ.ટી વિભાગના ડી.ટી.ઓ. જે.વી.ઈશરાણી, ડેપો મેનેજર આર.એ.શેખ, દ્વારા લીલી ઝંડી આપી નવા વાહનો પ્રસ્થાન કરાવાયા હતાં. આ તમામ નવી બસને જામનગર, ભાવનગર, ધ્રોલ દાહોદ તેમજ ધ્રોલ ધાનપુર ગોધરા રૂટમાં




ચલાવવામાં આવશે.

# આવકાર સીટી એપાર્ટમેન્ટનાં ત્રીજા માળેથી ગબડી પડેલા ધો.૮ના છાત્રનું મોત

## માતા ધૂનમાં બેઠા હતા ત્યાં નજીક પુત્ર નીચે પટકાર્યો કિશોરને વાઈની બિમારી હોવાનું ખુલ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરનાં વાવડીમા આવેલા આવકાર સીટી એપાર્ટમેન્ટનાં ત્રીજા માળેથી ૧૬ વર્ષનો કીશોર અચાનક નીચે પટકાતા તેનુ મોત નીપજયુ હતુ. પુત્રનાં મોતથી પરીવારમા શોક છ્વાઈ ગયો છે.

આ અંગેની વિગતો મુજબ વાવડી પાસે પરીન ફર્નીચર નજીક આવેલા આવકાર સીટી એપાર્ટમેન્ટમાં રહેતા વિનય જીણાભાઈ મકવાણા નામનો ૧૬ વર્ષનો કીશોર ગઇકાલે સાંજનાં




સમયે ત્રીજા માળે ગેલેરીમાંથી નીચે પટકાતા તેમને શરીરે ગંભીર ઈજાઓ થઇ હતી અને તેમને બેભાન હાલત-મા સિવીલ હોસ્પીટલે ખસેડવામા આવતા ઈમરજન્સી વિભાગનાં તબીબ નારણ જાદવે બાળકને મૃત જાહેર કર્યો હતો. વિનય બે બહેનનો એકનો એક ભાઈ હતો અને તેમનાં પિતા હયાત નથી તેમજ તેમણે ધો. ૮ સુધી અભ્યાસ કર્યો હોવાનું જાણવા મળી રહયુ છે તેમજ તેમને વાયની બીમારી આવતી હોવાનુ પરીવારે જણાવ્યુ હતુ અને તેમનાં માતા ભાવનાબેન એપાર્ટમેન્ટનાં પાર્કીંગ એરીયામા ધુન ભજન રાખેલા હોય જેથી તેઓ ત્યા બેઠા હતા . આ સમયે વિનય પાણી પીતી વેળાએ ત્રીજા માળે ગેલરીમાથી નીચે પટકાતા તેનાં માતા અને અન્ય મહિલાઓ તેમજ એપાર્ટમેન્ટમાં રહેતા લોકો ત્યા દોડી આવ્યા હતા. અને વિનયને હોસ્પીટલ લઈ જવામાં આવ્યો હતો જો કે ત્યા સારવાર મળે તે પહેલા તેનુ મોત નીપજયુહતુ આ બનાવની તપાસ રાજકોટ તાલુકા પોલીસ મથકનાં એન. એલ. ચાવડા કરી રહ્યા છે.

# સુરેન્દ્રનગરમાં ટીવાયમાં કેટી આવતા માનસિક હતાશ વિદ્યાર્થીનો કેનાલમાં ઝંપલાવી આપઘાત

## લખતર નજીક નર્મદા કેનાલમાં પડતું મૂકી જીંદગી ટુંકાવી: સમગ્ર પંથકમાં ચકચાર

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

લખતર તાલુકાની સૌરાષ્ટ્રની મુખ્ય નર્મદા કેનાલમાં જ્યારે સુસાઇડ પોઈન્ટ બની ગયું હોય તેવો દ્રશ્યો સર્જાઈ રહ્યા છે ત્યારે લખતર બજરંગપુરા જવાના માર્ગ પર પૂલથી ૨૦૦ મીટર બાળા તરફ જવાના રસ્તા પર અને બજરંગપુરા અને બાળાની વચ્ચે સુરેન્દ્રનગરના એક સ્ટુડન્ટે આપઘાત કરી જીવ ટૂંકાવ્યો હતો. જે સ્ટુડન્ટ ૨૩ વર્ષય બારીયા અર્પિતકુમાર એરમીયાભાઈનો મૃતકે નર્મદા કેનાલને પાણીમાં તરતો હોવાનું બાળા પંપીંગ સ્ટેશનના અધિકારી દ્વારા લખતર પોલીસને જાણ કરવામાં આવી હતી.



લખતર પોલીસને જાણ થતા લખતર પોલીસ હેડ કોન્સ્ટેબલ વી.એસ. ભુવત્રા અને અનિકેત સિસોદિયા અને જયપાલસિંહ પરમાર ઘટના સ્થળે દોડી ગયા હતા લખતર પોલીસ દ્વારા મૃતદેને બહાર કાઢવા માટે વઢવાણ ફાયર ફાઈટરની ટીમને જાણ કરવામાં આવી હતી.

વઢવાણ ફાયરની ટીમ અને જાણ થતા ફાયરની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી ને સ્ટુડન્ટના મૃત દેહને નર્મદાના પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો મળતી માહિતી મુજબ મૃતક અર્પિત એમપી શાહ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં ટીવાય બીએનું પાંચમું સેમિસ્ટર ચાલુ હતું અને ત્રીજા સેમેસ્ટર ની અંદર કે.ટી આવતા અર્પિત મેન્ટલી ડિસ્ટર્બ થઈ ગયો હતો.

જેને લઈ નર્મદા કેનાલમાં સુસાઈડ કરવવાનું સામે આવ્યું હતું. અર્પિત રાણપુરથી સુરેન્દ્રનગર કોલેજ ખાતે ડેલી ટ્રેનની અંદર ભણવા માટે આવતો હતો જે ટ્રેનની ટિકિટ તેના પાકીટમાંથી મળી આવી હતી અને પાકીટમાં આધાર કાર્ડ ચૂંટણી કાર્ડ એટીએમ કાર્ડ જેવી ચીજ વસ્તુઓ પણ મળી આવી હતી અને અર્પિત સુરેન્દ્રનગર થી તારીખ ૨૫ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ સવારે ૧૦૦૦ વાગે ગુમ થયો હતો અને ગુમ થયાની જાણવાજો કરજે સુરેન્દ્રનગર બી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે કરવામાં આવી હતી.

# જામનગર નજીક સિક્કામાંથી ગાંજાનું વેચાણ કરનાર એક શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નજીક સિક્કામાંથી નશીલા પદાર્થ ગાંજાનું વેચાણ કરનાર એક શખ્સ એસઓજીની ટિમના હાથે ઝડપાયો સપ્લાયરનું નામ ખૂલ્યું.જામનગર તાલુકાના સિક્કા ગામમાંથી એક શખ્સને ઝડપી લીધો છે, અને તેની પાસેથી નશીલા પદાર્થ ગાંજાનો જથ્થો કબજે કરી લીધો છે. જ્યારે તેની પૂજ પર જ દરમિયાન મહારાષ્ટ્રના સપ્લાયર નું નામ ખુલ્યું છે.જામનગરની એસ.ઓ.જી. શાખાની ટુકડી નશા ના નેટવર્ક ને નેસ્ત નાબુદ કરવા માટેની વિશેષ ઝુંબેશ ચલાવી રહી છે, જેના ભાગરૂપે ગઈકાલે જામનગર તાલુકાના સિક્કા ગામમાં દરોડો પાડવામાં આવ્યો હતો, અને ચોક્કસ બાતમી ના આધારે નસીલા પદાર્થ ગાંજાના વેચાણનું નેટવર્ક શોધી કાઢ્યું હતું.સિક્કામાં શ્રીજી સોસાયટી વિસ્તારમાં રહેતો સાજીદ જુસબભાઈ સુંભણીયા નામનો શખ્સ કે જે બહારથી



નશીલા પદાર્થ ગાંજાનો જથ્થો આયાત કરીને તેનું ખાનગી રીતે વેચાણ કરી રહયો છે, જે બાતમી ના આધારે ગઈકાલે મોડી રાત્રે એસ.ઓ.જી. ની ટુકડીએ દરોડો પાડ્યો હતો. જે દરોડા દરમિયાન સાજીદ સુંભણીયાં કે જેના કબજા માંથી એક કિલો અને ૩૫૦ ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. તેથી પોલીસે નશાકારક ગાંજો અને મોબાઈલ ફોન વગેરે સહિત રૂપિયા ૧૮,૫૦૦ ની માલમતા કબજે કરી લીધી છે,અને આરોપી સાજીદ સામે સિક્કા પોલીસ મથકમાં.એનડીપીએસ એક્ટની કલમ૮ સી ૨૦ બી, ૨ બી, ૨૯ મુજબ ગુન્હો નોંધી પૂછપરછ હાથ ધરી છે.જે પૂછપરછ દરમિયાન તેણે ઉપરોક્ત ગાંજા નો જથ્થો મહારાષ્ટ્ર રાજ્યના ધુલિયા વિસ્તારના રતન મોહન મોરે નામના શખ્સ પાસેથી મેળવ્યો હોવાનું કબુલ્યું હોવાથી પોલીસે તેને ફરારી જાહેર કરી તપાસનો દોર મહારાષ્ટ્ર સુધી લંબાવ્યો છે.

# મોરબીના લાલપર નજીક કન્ટેનર હડફેટે બાઈક સવાર કાકા-ભત્રીજાના મોત

## તરણેતરના મેળામાંથી પરત આવતા હતા ત્યારે દુર્ઘટના સર્જાઈ: અકસ્માત સર્જી કન્ટેનર ચાલક ફરાર, એક જ કુટુંબના બે લોકોના મૃત્યુથી ગમગીની

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર - મોરબી નેશનલ હાઇવે ઉપર લાલપર નજીક ગુરુવારે વહેલી સવારે કન્ટેનર ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો છે. આ ગંભીર અકસ્માતમાં મોરબી તાલુકાના લક્ષ્મીનગર ગામના વતની કૌટુંબિક કાકા-ભત્રીજાના મોત થતા નાના એવા લક્ષ્મીનગર ગામમાં અરેરાટી સાથે ગમગીની છ્વાઈ ગઈ હતી.



આ બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ મોરબી તાલુકાના લક્ષ્મીનગર ગામે રહેતા રમેશભાઈ પ્રેમજીભાઈ ભંખોડીયા ( ઉ. વ.૩૫) અને તેમના કૌટુંબિક કાકા પ્રેમજીભાઈ મેઘજીભાઈ ભંખોડીયા (ઉ.વ.૪૫) બન્ને તરણેતરના મેળામાં ગયા હતા. જ્યાંથી તેઓ પરત ફરી રહ્યા હતા તે વેળાએ ગુરુવારે વહેલી સવારે લાલપર પાસે કન્ટેનર ટ્રક ચાલકે બાઈકને હડફેટે લીધું હતું. આ ગંભીર અકસ્માતમાં કાકા-ભત્રીજાના મોત થયા છે. હાલ બન્નેના મૃતદેહોને પીએમ અર્થે ખસેડવામાં આવ્યા છે. કન્ટેનર ચાલક અકસ્માત સર્જીને ફરાર થઈ ગયો હોવાનું સામે આવ્યું છે. બનાવ અંગે હાલમાં મોરબી તાલુકા પોલીસે ગુન્હો નોંધવા તજવીજ શરૂ કરી હતી. બીજી તરફ એક જ કુટુંબના બબ્બે લોકોનું માર્ગ અકસ્માતમાં મૃત્યુ થતા નાના એવા ગામમાં શોકનો માહોલ છ્વાઈ ગયો હતો.

# ‘આપ’નો નગારે ઘા: કાલે ઉપલા કાંઠે ગોપાલ ઈટાલીયાની જાહેરસભા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતમાં વિસાવદર પેટાચૂંટણીમાં આમ આદમી પાર્ટીના વિજયવાદ હવે રાજયભરમાં વિસાવદરવાળી શબ્દ રાજકીય વાતચીતમાં વાયરલ થયો છે અને ભાજપમાં હવે અસંતુષ્ટો વિસાવદરવાળી કરવાની ધમકી આપી રહ્યા છે. તે સમયે રાજકોટમાં આપના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાના આગમન અને સામેકાંઠે તેમની તા.૩૦ના રોજ જાહેરસભાના આયોજને રાજકોટના રાજકારણમાં ગરમી લાવી દીધી છે અને ખુદ ભાજપ પણ સાવધ થઈ ગયો છે. છેક પ્રદેશ સુધી તેમનું નામ છે અને નવા પ્રદેશ પ્રમુખમાં પણ તેઓનું નામ ચર્ચામાં હતું. રાજકોટમાં બે વિસ્તારો જે લેઉવા પાટીદારના વર્ચસ્વવાળા ગણાય છે. તેમાં ઉપલો કાંઠો વધુ મહત્વ ધરાવે છે અને આ બેઠક પર રાજયના પુર્વ મંત્રી અરવિંદ રૈયાણી પણ મજબૂત નેતા ગણાય છે. જો કે એક જ ટર્મ માટે ધારાસભ્ય અને અડધી ટર્મ- ભુપેન્દ્ર પટેલ સરકારની પ્રથમ ટર્મમાં તેઓ મંત્રી રહ્યા. અગાઉ કોર્પોરેટર તથા સ્ટેન્ડીંગ ચેરમેન- યુવા ભાજપના રાજકોટ મંડળના પ્રમુખ પણ તેઓ રહીને પક્ષનું રાજકારણ મજબૂત કરવામાં મોટો ફાળો આપ્યો હતો છતાં પણ ૨૦૨૨માં તેમને ટિકીટ મળી ન હતી તથા ભાજપના નવા સંગઠનમાં પણ તેઓ બહું સક્રીય દેખાયા ન હતા પણ હવે મહાનગરપાલિકાની ચૂંટણી આવી છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે ૨૦૧૫માં વોર્ડ નં.૬ જેમાં અરવિંદ રૈયાણીની પેનલે જ ભાજપને બાલબાલ બચાવીને મહાપાલિકામાં સતા જાળવી રાખવામાં મદદ કરી હતી પણ તે પછી ઉપલા કાંઠે અને પુરા ભાજપમાં ઘણા પાણી વહી ગયા છે અને હવે ફરી મહાપાલિકાની ચૂંટણીઓ આવી રહી છે. તે સમયે આમ આદમી પાર્ટી વિસાવદરવાળી કરવા માટે આગામી શનિવારે રાજકોટમાં ઉપલાકાંઠે જ ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાની જાહેરસભા પેડક ચોકમાં યોજી છે.

# રાજકોટ ખાતે "નેશનલ સ્પોર્ટ્સ ડે"ની ઉજવણી કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાની પ્રેરક ઉપસ્થિતિમાં કરાશે

### ફીટ ઈન્ડિયાના શપથ, વોલીબોલ, રસ્સા ખેંચની ચસ્પર્ધાઓ તથા સાયકલ ઓન સન્ડેનું આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા હોકીના જાદુગર મેજર ધ્યાનચંદની જન્મજયંતિ નિમિત્તે તા.૨૯ થી ૩૧ ઓગસ્ટ સુધી "નેશનલ સ્પોર્ટ્સ ડે"ની ઉજવણી કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવશે.

આ પ્રસંગે કેબિનેટ મંત્રીઓ સર્વ રાઘવજીભાઈ પટેલ, કુંવરજીભાઈ બાવળીયા અને ભાનુબેન બાબરીયા, મેયર નયનાબેન પેઢડીયા, જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણી સંસદસભ્યો સર્વ પરસોત્તમભાઈ રૂપાલા, રામભાઈ મોકરીયા, કેસરીદેવસિંહ ઝાલા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, જયેશભાઈ રાદડીયા, રમેશભાઈ ટીલાળા, શ્રીમતી ગીતાબા જાડેજા, ડૉ. દર્શિતાબેન શાહ, ડૉ. મહેન્દ્રભાઈ પાડલીયા, દુર્લભજીભાઈ દેથરિયા, જીતુભાઈ સોમાણી સહીતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને જિલ્લા વહીવટી તંત્ર રાજકોટ દ્વારા તા.૨૯ ઓગસ્ટથી ત્રણ દિવસ સુધી "નેશનલ સ્પોર્ટ્સ ડે" ની ઉજવણી અંતર્ગત વિવિધ રમતો યોજાશે.

તા.૨૯મી ઓગસ્ટે, ફીટ ઈન્ડિયાના શપથ લેવામાં આવશે અને રાજકોટમાં મેજર ધ્યાનચંદ હોકી ગ્રાઉન્ડ-રેસકોર્સ ખાતે હોકીની ચાર મેચ યોજવામાં આવશે. જેમાં ચાર ટીમના ૪૪ સભ્યો ભાગ લેશે.

તા. ૩૦મી ઓગસ્ટે પોલીસ હેડ ક્વાર્ટર ખાતે વોલીબોલ, રસ્સા ખેંચની સ્પર્ધા રાખવામાં આવશે. જેમાં પોલીસ વિભાગ, કોર્પોરેશન વિભાગ, જિલ્લા પંચાયત તથા કલેક્ટર કચેરીની પુરુષ ટીમ અને મહિલા ટીમ એમ ચાર-ચાર ટીમો વચ્ચે સ્પર્ધા થશે.

તા. ૩૧મી ઓગસ્ટે ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ અને મેદસ્વિતામુક્ત ગુજરાત અભિયાન અન્વયે રાજકોટ મહાનગર તથા નગરપાલિકા કક્ષાએ સાયકલ ઓન સન્ડેનું આયોજન કરવામા આવ્યું છે. મહાનગર પાલિકા વિસ્તારના બહુમાળી ભવન ખાતેથી રેસકોર્સ રિંગરોડ ફરતે સાઈક્લોથોનનું આયોજન કરવામાં આવશે. જ્યારે છ નગરપાલિકા વિસ્તારમાં અંદાજિત ૫૦૦થી વધુ લોકો સાયકલ ઓન સન્ડેમાં ભાગ લેશે.

# નેશનલ સ્પોર્ટ્સ ડે સેલિબ્રેશન અંતર્ગત રેસકોર્સ ખાતે પ્રી-ઈવેન્ટ પ્રેક્ટિસ યોજાઈ



### ખેલ મહાકુંભ અને ફિટ ઇન્ડિયાનાં બેનર્સ સાથે રમતવીરો રેલીમાં જોડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હોકીના જાદુગર કહેવાતા શ્રી મેજર ધ્યાનચંદની જન્મજયંતિ નિમિત્તે દેશભરમાં ૨૯ થી ૩૧ ઓગસ્ટ સુધી "નેશનલ સ્પોર્ટ્સ ડે"ની ઉજવણી કરવામાં આવશે. જેના ભાગરૂપે સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા રાજકોટમાં રેસકોર્સ નજીક બહુમાળી ભવન ખાતે પ્રી-ઈવેન્ટ યોજાઈ હતી જેમાં અંદાજિત ૪૦૦ જેટલા રમતવીરો જોડાયા હતા.

આ ઉજવણીના ભાગરૂપે યોજાયેલ પ્રી-ઈવેન્ટ પ્રેક્ટિસમાં મહાનુભાવઓએ રમતવીરોનું સન્માન કરી, રેલીને પ્રસ્થાન કરાવી હતી. કલેકટરશ્રી ઓમપ્રકાશે આ પ્રસંગે ઉપસ્થિતોને સંબોધતાં જણાવ્યું હતું કે તા.૨૯નાં રોજ "રાષ્ટ્રીય રમત દિવસ" છે. આ દિવસથી રાજ્યવ્યાપી ખેલ મહાકુંભમાં રજીસ્ટ્રેશનની શરૂઆત થશે. વિદ્યાર્થીઓ,યુવાનો, તમામ ઉંમરના શહેરીજનો સહિત રમતપ્રેમી નાગરિકો ખેલ મહાકુંભમાં ૨૨ સપ્ટેમ્બર સુધી રજીસ્ટ્રેશન કરાવી શકશે. રાજકોટ શહેર અને જિલ્લામાંથી વધુને વધુ નાગરિકો ખેલ મહાકુંભમાં રજીસ્ટ્રેશન કરાવી રમતગમતમાં આગળ આવે તેમ કલેક્ટર ઓમ પ્રકાશએ આ તકે અપીલ કરી હતી.

આ તકે ઉપસ્થિત મહાનુભાવઓએ રમતવીર દેવયાનીબા ઝાલાનું સન્માન કર્યું હતુ.

આ પ્રસંગે સાંસદ રામભાઈ મોકરીયા, મેયર નયનાબેન પેઢડીયા, રીજીયોનલ મ્યુનિસિપલ કમિશનર મહેશ જાની, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ , જિલ્લા રમત વિકાસ અધિકારી રમાબેન મદ્રા, વિવિધ રમતોના કોચ સહિત બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને રમતવીરો ઉપસ્થિત રહ્યાં હતા.

## નેશનલ સ્પોર્ટ્સ ડે અંતર્ગત યોજાનાર વિવિધ કાર્યક્રમોની યાદી

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને જિલ્લા વહીવટી તંત્ર રાજકોટ દ્વારા તા.૨૯ ઓગસ્ટથી ત્રણ દિવસ સુધી નેશનલ સ્પોર્ટ્સ ડે ની ઉજવણી અંતર્ગત વિવિધ રમતો યોજાશે.

તા.૨૯મી ઓગસ્ટે, ફીટ ઈન્ડિયાના શપથ લેવામાં આવશે અને રાજકોટમાં મેજર ધ્યાનચંદ હોકી ગ્રાઉન્ડ-રેસકોર્સ ખાતે હોકીની ચાર મેચ યોજવામાં આવશે. જેમાં ચાર ટીમના ૪૪ સભ્યો ભાગ લેશે. દરેક શાળામાં પણ ખેલ-કૂદની સ્પર્ધા સહિતની પ્રવૃત્તિઓ થશે. રાજકોટ મહાનગરની ૯૩૪ શાળાઓ તથા જિલ્લાની અન્ય ૧૬૮૨ શાળાઓ મળીને કુલ ૨૬૧૬ શાળાઓના છાત્રો રમત-ગમતની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આંતર કોલેજ જૂડો સ્પર્ધાનું આયોજન કરાયું છે. જેમાં ૨૫૦ કોલેજીયનો ભાગ લેશે. મારવાડી તથા આર.કે. યુનિ. દ્વારા પણ વિવિધ સ્પોર્ટસ એક્ટિવિટી થશે. તા. ૨૯મી ઓગસ્ટે ખેલ મહાકુંભના રજિસ્ટ્રેશનની શરૂઆત થશે. જેમાં શહેરીજનો, જિલ્લાના નાગરિકો જાતે રજિસ્ટ્રેશન કરાવી શકશે. ઉપરાંત શાળા, કોલેજ, યુનિવર્સિટી દ્વારા પણ રજિસ્ટ્રેશન કરવામાં આવશે.

તા. ૩૦મી ઓગસ્ટે પોલીસ હેડ ક્વાર્ટર ખાતે વોલીબોલ, રસ્સા ખેંચની સ્પર્ધા રાખવામાં આવશે. જેમાં પોલીસ વિભાગ, કોર્પોરેશન વિભાગ, જિલ્લા પંચાયત તથા કલેક્ટર કચેરીની પુરુષ ટીમ અને મહિલા ટીમ એમ ચાર-ચાર ટીમો વચ્ચે સ્પર્ધા થશે.

તા. ૩૧મી ઓગસ્ટે ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ અને મેદસ્વિતામુક્ત ગુજરાત અભિયાન અન્વયે રાજકોટ મહાનગર તથા નગરપાલિકા કક્ષાએ સાયકલ ઓન સન્ડેનું આયોજન કરવામા આવ્યું છે.

મહાનગર પાલિકા વિસ્તારના બહુમાળી ભવન ખાતેથી રેસકોર્સ રિંગરોડ ફરતે સાઈક્લોથોનનું આયોજન કરવામાં આવશે. જ્યારે છ નગરપાલિકા વિસ્તારમાં અંદાજિત ૫૦૦થી વધુ લોકો સાયકલ ઓન સન્ડેમાં ભાગ લેશે.

# સરગમ ક્લબ અને કમાણી ફાઉન્ડેશનના સયુંકત ઉપક્રમે દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાશે

### કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ તા.૧/૯ના રોજ સીધા સ્થળ પર પહોચવું દર્દીઓએ પોતાનું ઓળખ પત્ર તેમજ ડોકટરના સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**


સાસ્કૃતિક,સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ ક્લબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ ક્લબ અને કમાણી ફાઉન્ડેશનનાં સયુંકત ઉપક્રમે તા.૧/૦૯/૨૦૨૫ સોમવાર થી ૩/૦૯/૨૦૨૫ ના રોજ આ જયપુર કેમ્પ યોજાશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના ફોટોવાળુ સરકાર માન્ય ઓળખપત્ર આધાર કાર્ડ અને ડોક્ટરનું વિકલાંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. સાથોસાથ કેલીપર્સ વિનામૂલ્યે આપવામાં આવશે.આ કેમ્પ તા.૧/૦૯/૨૦૨૫ થી ૩/૦૯/૨૦૨૫ સુધી ઓગસ્ટ માસ નાં રોજ યોજાશે. જેની ખાસ નોંધ લેવી. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા લોકોને તા ૦૧/૦૯/૨૫ ને સોમવારના રોજ સવારે ૮:૩૦ કલાકે ખાસ સરગમભવન,જામટાવરરોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, રાજકોટ. ફોન નં.૦૨૮૧-૨૪૫૭૧૬૮ ખાતે દર્દીઓએ રૂબરૂ હાજર રહેવા જણાવાયું છે. આ ઉપરાંત જે લોકો અગાઉ સાધનો લઈ ગયા છે. અને તેઓને રીપેરીંગ કરાવવાનું હોઈ તેઓએ પણ તા.૧/૦૯/૨૦૨૫ ના રોજ સવારે ૮.૩૦ ખાસ ઉપસ્થિત રહેવું.

આ કેમ્પની સફળતા માટે સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને આ કેમ્પમાં કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીભાઈ કમાણીનો સહયોગ મળેલ છે.

# તપથી સેવા સુધીઃ શૈલેષભાઈ માઉંની ૫૦ દિવસી તપ સાધના પૂર્ણ

### ૩૫ એકાસણા, ૧૪ આયંબિલ સાથે સંવત્સરીએ ચૌવિહાર ઉપવાસ કર્યા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચાતુર્માસના આરંભથી જ તપ આરાધનામાં લિન રહેલા તપસ્વી શૈલેષભાઈ માઉંએ ૫૦ દિવસની અદભુત તપસાધના પૂર્ણ કરી છે. આ દરમિયાન તેમણે ૩૫ એકાસણા, ૧૪ આયંબિલ તથા સંવત્સરીના દિવસે ચૌવિહારો ઉપવાસ કરીને અનોખી સાધના પ્રદર્શિત કરી હતી.આ પ્રસંગે ઉપસ્થિત શ્રાવક-શ્રાવિકાઓએ અનુમોદના સાથે શૈલેષભાઈને અભિનંદન પાઠવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે સેવાભ-ાવી શૈલેષભાઈ હવે તપસાધના બાદ માનવસેવાના નૂતન પ્રકલ્પ સાથે આગળ વધશે. પારસધામ ના સહયોગથી સમગ્ર સૌરાષ્ટ્રમાં સાધર્મિક તથા દરેક ફિરકાના સંત-સતિજીઓના જરૂરિયાતમંદ પરિવારો માટે સહાય યોજના શરૂ કરવાની તૈયારી ચાલી રહી છે.

શૈલેષભાઈ છેલ્લા લાંબા સમયથી આ દિશામાં જબરદસ્ત પુરુષાર્થ કરીને જરૂરી વિગતો એકત્ર કરી રહ્યાં છે. તેમની આ પહેલથી સમાજમાં તપ અને સેવા બન્ને માર્ગોનું એક સુંદર સંકલન જોવા મળશે.

# આજે "મિશન શક્તિ" અને પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર યોજનાની જિલ્લા કક્ષાની દેખરેખ અને મૂલ્યાંકન સમિતિની બેઠક યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

"મિશન શક્તિ" યોજનાના અમલીકરણ માટેની જિલ્લા કક્ષાની દેખરેખ અને મૂલ્યાંકન સમિતિની બેઠક તા.૨૯/૦૮/૨૦૨૫ના રોજ સાંજે ૬ કલાકે કલેકટરશ્રીની અધ્યક્ષતામાં જિલ્લા કલેકટર કચેરી ખાતે યોજાશે.

હિંસાથી અસરગ્રસ્ત તથા મુશ્કેલ પરિસ્થિતિમાં હોય તેવી મહિલાઓને તાત્કાલિક કાળજી, સમર્થન અને સહાય પૂરી પાડવી તથા પુનર્વસન સમુદાયના લોકોને સરકારી યોજનાઓ, કાર્યક્રમો તથા કાયદાકીય જોગવાઈઓ વિશે જાગૃત કરવા, વિવિધ યોજનાઓ હેઠળ ફરજ બજાવનારનું તાલીમ અને ક્ષમતાવર્ધન કરવું, જાતિગત અસમાનતા અને લૈંગિક પસંદગી નાબુદ કરી બાળકીનું અસ્તિત્વ, રક્ષણ, શિક્ષણ અને વિકાસ સુનિશ્ચિત કરવું તે હેતુથી મિશન શક્તિ યોજના અમલી બનાવાઇ છે, જેની અમલીકરણ સમિતિની બેઠકમાં સંબધિત વિભાગના અધિકારી અને કર્મચારીઓએ ઉપસ્થિત રહેવા જિલ્લા મહિલા અને બાળ અધિકારી, રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટના ૬ સહિત રાજ્યના ૧૧૮ પીએસઆઈની બદલી

### શહેરમાં બે અને જીલ્લામાં એક ફોજદાર નવા આવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યમાં ગૃહ વિભાગ દ્વારા બઢતી બદલીનો દૌર યથાવત હોય તેમ થોડા સમય પૂર્વે જ ૧૦૫ આઈપીએસની બદલીના હુકમ કરાયા હતાં. ત્યાર બાદ ગૃહ વિભાગ દ્વારા વધુ એક બદલીનો ઘાણવો કાઢવામાં આવ્યો છે. જેમાં રાજકોટ શહેર જિલ્લાના ૬ સહિત રાજ્યના ૧૧૮ બિન હથિયારી પીએસઆઈની બદલી કરવામાં આવી છે.

પોલીસ તંત્રમાં બઢતી બદલીનો દૌર યથાવત હોય તેમ વધુ ૧૧૮ ફોજદારોની બદલીના હુકમ કરવામાં આવ્યા છે. જેમાં રાજકોટ શહેરના હર્ષિતાબેન રામસિંગભાઈ મોરીની પશ્ચિમ કચ્છ-ભૂજ, રાજકોટ ગ્રામ્યના પ્રદિપસિંહ જુજારસિંહ રાણાની સાબરકાંઠા, રાજકોટ શહેરના મહેન્દ્ર જયદ્રથ આહિરની પૂર્વ કચ્છ-ગાંધીધામ, વિક્ટરભાઈ નાનજીભાઈ બોદરની અરવલી, ચંદુભાઈ અખમભાઈ તાવીયાડની મહિસાગર, અને રવિરાજ જેતુભાઈ કામળિયાની અમદાવાદ શહેર ખાતે બદલી કરવામાં આવી છે. જેની સામે રાજકોટ શહેરમાં ખેડાના પરાક્રમસિંહ જયવીરસિંહ પરમાર અને સાબરકાંઠાના ધર્મરાજસિંહ પૃથ્વીરાજસિંહ ઝાલા તેમજ રાજકોટ ગ્રામ્યમાં અરવલીના પિયુષકુમાર નવીનચંદ્ર ત્રિવેદીની બદલી કરવામાં આવી છે.

# હ્રદયરોગનો હુમલો વધુ બે માનવ જિંદગી ભરખી ગયો

### બંને આધેડને આવેલો હાર્ટએટેક જીવલેણ નીવડતા પરિવાર શોકમાં ગરકાવ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમા વધુ બે લોકોનાં શ્વાસ થંભી ગયા હોવાની ઘટના પ્રકાશમા આવી છે જેમા રૈયા ગામ અને રિધ્ધી સિધ્ધી સોસાયટીમા બે આધેડને આવેલો હ્રદય રોગનો હુમલો જીવલેણ નીવડતા બંને પરીવારમા શોકની લાગણી પ્રસરી છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ રૈયા ગામ વિસ્તારમા આવેલ સ્માર્ટ સિટી લાઈટ હાઉસમા રહેતા જસ્મીનભાઈ મહેન્દ્રભાઈ ઠાકર (ઉ.વ. ૫૩) પોતાનાં ઘરે હતા ત્યારે હ્રદય રોગનો હુમલો આવતા તાત્કાલીક સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે ખસેડવામા આવ્યા હતા. જયા ફરજપરનાં તબીબે જોઈ તપાસી મૃત જાહેર કરતા પરીવારમાં શોકની લાગણી પ્રસરી હતી. પ્રાથમીક તપાસમા મૃતક આધેડને સંતાનમાં બે પુત્રી હોવાનું જાણવા મળ્યુ છે.

બીજા બનાવમા દુધસાગર રોડ પર રિધ્ધી સિધ્ધી સોસાયટીમાં રહેતા નાદીરભાઈ મોહંમદભાઈ દેવાણી નામના ૫૯ વર્ષનાં આધેડ મધરાત્રે પોતાનાં ઘરે હતા ત્યારે બેભાન હાલતમા ઢળી પડતા તાત્કાલીક સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જયા ફરજ પરનાં તબીબે આધેડનુ હ્રદય રોગનાં હુમલાથી મોત નીપજયુ હોવાનું જાહેર કરતા પરીવારમા ગમગીની છ્વાઈ જવા પામી હતી ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સંતોષીનગરમાં ત્રણ બહેનોના એકના એક ભાઈનો ગળેફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેલનગર વિસ્તારમાં રહેતા યુવાનો દસેક દિવસથી મગજ ભમતો હોવાથી ગતરાત્રીના ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા પરિવારમાં અરેરાટી વ્યાપી જવા પામી છે. બનાવના પગલે પ્ર.નગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી

સંતોષીનગર પાણીના ટાંકા પાસે રહેતાં મયુર પ્રવિણભાઈ બારૈયા ઉ.૨૪ નામના યુવકે ગતરાત્રીના ઘરે નળીયાની આડીમાં ખાટલાની પાટી બાંધી ગળેફાંસો ખાઈ લીધો હોવાની પરિવારને જાણ થયા બાદ યુવકને નીચે ઉતારી બેભાન હાલતમાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડતા ટૂંકી સારવારમાં દરમ્યાન ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કરતા હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી પ્ર.નગર પોલીસને જાણ સ્ટાફ દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી તપાસ હાથ ધરતા મૃતક ત્રણ બહેનનો એકનો એક ભાઈ હતો.મૃતક અગાઉ ચાંદી કામ કરતો હતો.પરંતુ દસ દિવસથી મગજ ભમતો હોઈ જેથી કામ પણ મુકી દીધું હતું.તેની દવાઓ પણ ચાલુ હતી.જેથી કંટાળી પગલું ભરી દીધાનું જાણવા મળ્યું છે. આધારસ્તંભ પુત્રના મોતથી પરિવારમાં શોક વ્યાપી ગયો છે.

# બેડી ગામે વિધી કરવાના બહાને સોનાના દાગીના અને રૂ.૩.૨૨ લાખની છેતરપિંડી

### મહિલાએ પરિવારની જાણ બહાર ભાણેજ પાસે કાર્યવાહી કરાવતા ફસાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બેડી ગામે વિધી કરવાના બહાને સોનાના દાગીના અને રૂ.૩.૨૨ લાખની ઠગાઈ થયાની ફરીયાદ કરી હતી.પુત્ર લગ્ન તેમજ સગાઈ તુટી ગયા હોય ગુમ સુમ રહેતો હોય તેને સારૂ થઈ જાય તે માટે તેની માતાએ ભાણેજ પાસે વિધી કરાવતા ફસાઈ હોવાનું બહાર આવ્યુ હતુ.

આ અંગેની માહિતી મુજબ ભારતીબેન જયેશભાઈ બાંભણીયા નામની મહિલાએ તેની ઢેબર કોલોનીમાં રહેતી ભાણેજ જીજ્ઞાસા મનસુખભાઈ સીતાપરા સામે ફરીયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યુ હતુ કે, તેના મોટા પુત્ર મિતેશના લગ્ન તુટી ગયા હોય તેમજ અગાઉ સગાઈ પણ તુટી ગયેલ હતી. જેથી પુત્ર ગુમસુમ રહેતો હોય જેથી તેના ભાણેજ જીજ્ઞાસાને વાત કરી હતી. જેમાં તેની ભાણેજ અવાર નવાર સુરેન્દ્રનગર તેના જાણીતા ભુવા દિલીપભાઈ પાસે જતી હોઈ અને તેને વાત કરવાનુ કહયુ હતુ. બાદમાં જીજ્ઞાસાએ તેના ઘેર આવી માસી ભારતીબેનને કહયુ હતુ કે તમારો પુત્ર મિતેશ ઘેર સોનાના દાગીનાની ચોરી કરશે તેવુ ભુવાએ જણાવ્યુ હોય અને ચોરી ન કરે તેના માટે વિધી કરવી પડશે તેમ વાત કરી હતી.

દરમિયાન ભારતીબેને પરિવારની જાણ બહાર એક સાડીમાં સોના ચાંદીના દાગીના રાખ્યા હતા અને તેને દરવાજા પાસે ઉભા રખાવી ભાણેજે દાગીનાની વિધી કરી હતી અને કબાટમાં દાગીનાનુ પોટલુ મુકાવી ૩ મહિના બાદ પોટલુ ખોલવાનુ કહેતા જે પોટલુ છ માસ બાદ ખોલતા તેમાંથી સોનાના દાગીના મળેલ ન હતા તેમજ જીજ્ઞાસાએ દાણા જોવરાવાનુ કહી પુત્ર મિતેશ પાસેથી ૨.૪૨ લાખ અને પ્રશાંત પાસેથી ૫૪ હજાર રોકડ અને ૨૬ હજાર ઓનલાઈન મળી કુલ ૩.૨૨ લાખની છેતરપિંડી કરી હોય તેની જાણ થતા જીજ્ઞાસાના ઘેર ગયા હતા અને તેને સમજાવતા સોનાના દાગીના મુથુટ ફાયનાન્સમાં રાખ્યા હોવાનુ જણાવી દાગીના કે પૈસા ન આપ્યાનું જણાવતા એરપોર્ટ પોલીસ મથકના મિશ્રાએ ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

# ઘરેથી નોકરીએ જવાનું કહી નીકળેલી યુવતીનો હોટલમાં આપઘાત

### ઈન્દિરા સર્કલ નજીક આવેલી રુદ્રાક્ષ હોટેલના રૂમમાં ગળાફાંસો ખાઈ લીધો, દરવાજો ન ખોલતા પોલીસ બોલાવી અંદર લાશ લટકતી જોવા મળી

**મુખ્ય સમાચાર, રાજકોટ**


શહેરના ઈન્દિરા સર્કલ નજીક આવેલ રુદ્રાક્ષ હોટેલના રૂમમાં ૧૯ વર્ષીય યુવતીએ ઘરેથી નોકરીએ જવાનું કહીને અહીં ગળાફાંસો ખાઈ લીધો હતો. રિસેપ્શનમાંથી કરવામા આવેલો ફોન ન ઉપાડતા સંચાલકને અજુગતું લાગ્યું અને પોલીસ બોલાવી ચેક કરતાં યુવતી રૂમમાં લટકતી જોવા મળી હતી બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની મળતી માહિતી મુજબ, ઈન્દિરા સર્કલ નજીક આવેલ રુદ્રાક્ષ હોટેલના રૂમ નંબર ૪૦૨ માં એક યુવતી રોકાયેલા હોય જે ઘણા સમયથી દરવાજો ખોલતી ન હોય તેવી માહિતી મળતા ગાંધીગ્રામ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ મિહિરસિંહ બારડ હોટેલ દોડી ગયા હતા. જે બાદ અહીં પોલીસે બારીમાંથી રૂમમાં પ્રવેશી જોતા યુવતી લટકતી જોવા મળી હતી. પોલીસે મૃતદેહને નીચે ઉતારી ૧૦૮ ને જાણ કરી હતી.

યુવતી પાસેથી મળેલા આધાર કાર્ડ ઉપરથી તેની ઓળખ કોમલ મુકેશભાઈ રાઠોડ (ઉં.વ.૧૯ રહે. કાલાવડ રોડ જયભીમનગર) તરીકે થઈ હતી પોલીસે યુવતીના વાલીને બનાવ અંગે જાણ કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું કે, યુવતી એક ખાનગી મોલમાં નોકરી કરે છે. બાપરે ૧૨ વાગ્યા આસપાસ ઘરથી નોકરી પર જવાનું કહી તે નીકળી હતી.ત્યારબાદ અહીં તેણે કલાકો માટે રૂમ લીધો હતો.

જે બા તેણી આ પગલું ભરી લીધું હતું. ત્યારે તેની પાસેથી કોઈ સુસાઈડ નોટ પણ મળી આવી ન હતી મૃતક કોમલના પિતા ખાનગી એજન્સીમાં બાઉન્સર તરીકે નોકરી કરે છે. પોલીસ તપાસમાં ખુલ્યૂં હતું કે અગાઉ પણ આ યુવતી અહીં હોટલમાં આવી ચૂકી હતી ત્યારે પોલીસે મોબાઈલ ફોન તેમજ હોટલના સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે. જુવાન દીકરીના મોતથી પરિવારમાં અરેરાટી મચી જવા પામી છે.

# કચ્છમાં ખેડોઈ પાસે ટ્રેઈલરમાંથી કન્ટેનર છુટી એકટીવા પર ખાબકતા ત્રણના મોત



### એક્ટિવાનો કચ્ચરઘાણ વળી ગયોઃ ટ્રેઈલર ચાલકની બેદરકારી છતી થઇ

**મુખ્ય સમાચાર, ગાંધીધામ**

ભુજ જિલ્લામાં માર્ગ અકસ્માતના બનાવો વધી રહ્યા છે આ વચ્ચે અંજાર - મુંદરા હાઈવે રોડ પર અકસ્માતનો બનાવ સામે આવ્યો હતો. આ હાઈવે પર ખેડોઈ પાસે પસાર થતા ટ્રેઈલરમાંથી કન્ટેનર છૂટુ પડી રોડ પર પડતાં આ દરમિયાન પસાર થતા એક્ટિવા પર મહાકાય કન્ટેનર પડતાં એક્ટિવાનો બુકડો બોલી ગયો અને ત્રણના મોત થયાનું સામે આવી રહ્યું છે. અકસ્માત એટલો ભયંકર હતો કે, એક વ્યક્તિ કન્ટેનર નીચે દબાઈ ગયો હોવાનું પણ જાણવા મળ્યું છે. બનાવને પગલે લોકો મોટી સંખ્યામાં સ્થળ પર એકત્ર થઈ ગયા હતા. પોલીસ પણ પહોંચી આવી હતી. કન્ટેનરને ખસેડી રસ્તો ખુલ્લો કરાવવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

અત્રે મહત્ત્વનું છે કે, આ બનાવમાં કન્ટેઈનર ચાલકની બેજવાબદારી જણાઈ આવે છે. આવડા મોટા ટ્રેઈલરમાં મહાકાય કન્ટેઈનરને મજબૂત રીતે બાંધવામાં આવ્યું નહીં હોય જેના કારણે આખેઆખું કન્ટેઈનર એકબાજુ પડતા આ ઘટના બની હતી. થોડા સમય પહેલા સામખિયાળી પાસે પવનચક્કીનું મહાકાય મશીનરી કાર પર પડતા મહિલાનું દબાઈ જવાથી મોત થયું હતું. ભુજમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાસે આ પ્રમાણે કન્ટેઈનર ટ્રેલરમાંથી રોડ પર પટકાતા જાનહાનિ ટળી હતી. જિલ્લામાં આ પ્રમાણેના બનાવો એક બાદ એક સામે આવી રહ્યા છે. નેશનલ હાઈવે અને સ્ટેટ હાઈવે અકસ્માત ઝોનમાં ફેરવાઈ ગયા છે.

નાના વાહન ચાલકો માટે સતત મોત ઝળુંબતું હોય છે. હાઈવે પર સર્વિસ રોડ પર ઠેકઠેકાણે દબાણ થઈ ગયા છે. કમસેકમ સર્વિસ રોડ ખૂલ્લો કરાવાય તો નાના વાહનો ત્યાંથી પસાર થાય અને આ પ્રમાણેની ઘટનાઓ અટકી શકે તેમ છે. આ બનાવમાં ટ્રેઈલર ચાલકની સાથે જવાબદાર એવા પોલીસ, આરટીઓ સહિતના તંત્રની પણ બેદરકારી જણાઈ આવે છે.

# ખાનગી હોસ્પિટલમાં દર્દીના સ્વાંગ આવેલા તસ્કરો રૂ.૮૦ હજારનો હાથફેરો કરી ગયા

### જાગનાથ પ્લોટના રહેણાંક મકાનમાંથી ચોરી કરનાર મહિલા ઝબ્બે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ધોળા દિવસે વધુ બે ચોરીના બનાવો બન્યા છે. જેમાં વિદ્યાનગર મેઈન રોડ ની ખાનગી હોસ્પિટલ તથા જાગનાથ પ્લોટના રહેણાંક મકાનમાંથી ચોરી થયાની ફરિયાદ નોંધાતા પોલીસે વિશેષ તપાસ આદરી છે.

ભકિનગર સ્ટેશન પ્લોટ પાસે રહેતા અને વિદ્યાનગર મેઈન રોડ પર આવેલ દેવ હોસ્પિટલમાં મેનેજમેન્ટ મેનેજર તરીકે નોકરી કરતા વિશાલભાઈ યોગેશભાઈ રાવલે એ ડીવીઝન પોલીસમાં નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે કેશ કાઉન્ટર સંભાળતા દિવ્યાબેન સોલંકીએ દિવસ દરમ્યાન થયેલા બિલનો હિસાબ રૂ.૮૦ હજાર કેશ કાઉટરના ડોવરમાં રાખેલ હતો. બાદ ગઈકાલ સવારે પરત નોકરીએ આવી ક્રેશ કાઉટર જોતા તેના ડ્રોવરનો લોક તૂટેલ હતો. અને તેમાં રાખેલ રૂ.૮૦ હજાર જોવા ન મળતા કોઈ તસ્કરો દર્દીના સ્વાંગમાં આવી રૂ.૮૦ ચોરી ફરાર થઈ ગયાનું જણાવતા પોલીસે ગુનો નોંધી તપાસ આદરી છે. તેમજ જુના જાગનાથ પ્લોટમાં રહેતા ડો.ધરાબેન પથીકભાઈ ધોળકીયાએ પ્ર.નગર પોલીસમાં નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત. ૨૫ના તેણી કામ અર્થે બહાર ગયા હતા. સાંજે પરત આવી ડાઈનીંગ ટેબલે રાખેલ ચાંદીની બે થાળી તથા એક ચાંદીનો ગ્લાસ જોવા ન મળતા સાસુ અને કામવાળા બહેનને પુછતા તેને કોઈ જાણ ન હોવાનું કહ્યું હતું. જેથી તેણીએ કેમેરા તપાસતા કોઈ અજાણી મહિલા ચોરી કરી ગઈ હોવાનું કેદ થઈ હોવાનું જણાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચની ટીમે ખટારા સ્ટેન્ડ બ્રીજ નીચેથી મીયાણાવાસમાં રહેતી હંસા ચુની મનજી સોલંકીને ચાંદીની થાળી ૨, ચાંદીનો ગ્લાસ, ચાંદીના દિવેલીયા સહિત રૂ.૫૯ હજારના મુદામાલ સાથે પકડી લઈ ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે.

# પોરબંદરમાં હનીટ્રેપના ગુનામાં પોલીસે બે આરોપીઓને ઝડપી લીધા

**મુખ્ય સમાચાર, પોરબંદર**

પોરબંદરમાં હનીટ્રેપ ઘટના સામે આવી છે. એક વ્યક્તિને હનીટ્રેપમાં ફસાવી તેનો નગ્ન વિડિઓ ઉતારી મોટી રકમની માંગણી કરનાર બે ઈસમો વિરુદ્ધ કમલાબાગ પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે. ભોગ બનનારે બદનામીના ડરથી આત્મહત્યા કરી લેતા કેસમાં આપઘાતની કલમ પણ ઉમેરાઈ છે.



આ અંગેની માહિતી મુજબ, દયાબેન રાઠોડ અને ડાયાભાઈ જાદવે ભોગ બનનાર વ્યક્તિને વિસાવદર ખાતે બોલાવી કાવતરું રચ્યું હતું. આ દરમિયાન બંનેએ કોઈ રીતે તેનો નગ્ન વિડિઓ ઉતારી લીધો હતો બાદમાં વારંવાર ફોન કરી વિડિઓ વાયરલ કરવાની ધમકી આપતા મોટી રકમની માંગણી કરવામાં આવી હતી.

ધમકીઓથી પરેશાન થયેલા ભોગ બનનાર વ્યક્તિએ ગત ૮ ઓગસ્ટના રોજ આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાની જાણ થતાં પરિવારજનો શોકમગ્ન થઈ ગયા હતા અને તેઓએ કમલાબાગ પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે ઝડપી કાર્યવાહી હાથ ધરી અને થોડા જ દિવસોમાં બંને આરોપીઓને ઝડપી લીધા છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# પોલીસની નિષ્ક્રીયતાઃ લુખ્ખાઓ બન્યા બેફામ, ગણેશ પંડાલ પર ગંજેરીઓએ સોડા બોટલના ઘા કરી સંચાલક પર કર્યો હુમલો











**મુખ્ય સમાચાર, રાજકોટ**

દેશ-વિદેશમાં વસતા હિન્દુ ધર્મના લોકોમાં ગણેશ મહોત્સવનું અનેરૂ મહત્વ હોય છે અને દેશના અનેક રાજયમાં ગણેશ ચર્તુથી ૧૧ દિવસ આ ઉત્સવ મનાવવામાં આવે છે. ત્યારે કેટલાક લુખ્ખા તત્વોને કારણે મહોત્સવમાં ખલેલ પહોંચાડવાના બનાવો બનતા હોય છે. બે દિવસ પહેલા વડોદરામાં ગણેશ સ્થાપના સમયે કેટલાક શખ્સોએ ઇંડાના ઘા કર્યાની ઘટના પ્રકાશમાં આવતા વડોદરા પોલીસે બનાવની ગંભીરતાને ધ્યાને લઇ બે શખ્સોને ઝડપી લઇ જાહેરમાં સરઘસ કાઢી કાયદાનું ભાન કરાવ્યું હતું. આવો જ એક બનાવ વહેલી સવારે રાજકોટમાં બનવા પામ્યો છે. જેમાં પોલીસની નિષ્ક્રીયતાના કારણે થોરાળા વિસ્તારમાં બેફામ બનેલા લુખ્ખા તત્વો, નસેડીઓ બેફામ બની છાશવારે ગંભીર બનાવને અંજામ આપતા હોય ત્યારે વહેલી સવારે ગણેશ પંડાલની બાજુમાં ગાંજો પીવાની ના કહેતા નસેડીઓએ સંચાલક પર હુમલો કરી પંડાલ પર સોડા બોટલના ઘા કર્યાની ઘટના પ્રકાશમાં આવતા હિન્દુ ધર્મ પ્રેમી જનતામાં રોષની લાગણી ફેલાઇ છે.

આ ઘટનાની મળતી માહિતી મુજબ વડોદરામાં ગણેશ સ્થાપના સમયે કેટલાક શખ્સોએ ઇંડા ફેંકયાની ઘટનાની શાહી હજુ પોલીસ ચોપડે સુકાઇ નથી ત્યારે વધુ એક આવી ઘટના રાજકોટના થોરાળા વિસ્તારમાં બનવા પામતા લોકોમાં ચકચાર મચી જવા પામી છે. શહેરના સામાકાંઠે ૮૦ ફૂટ રોડ પર આવેલા સત્યમ પાર્કની બાજુમાં ન્યુ સર્વોદય સોસાયટી મેઇન રોડ પર સૌપ્રથમવાર થોરાળા કા રાજા ગણેશ પંડાલની સ્થાપના પ્રેમજીભાઇ પરમાર, અજયભાઇ દાફડા સહિતના સોસાયટીના રહેવાસીઓ દ્વારા કરવામાં આવી છે. આ ન્યુ સર્વોદય સોસાયટીના મેઇન રોડ પર પડયા પાર્થયા રહેતા લુખ્ખા તત્વો અને નસેડીઓને આ પંડાલની સ્થાપના કરતા જાણે પેટમાં તેલ રેડાયું હોય તેમ અંદરખાને વિરોધ કરતા હોય તેવામાં આજે વહેલી સવારે પંડાલના આયોજક અજયભાઇ દાફડા ગણેશ પંડાલમાં હતા ત્યારે પંડાલની બાજુમાં આવેલ સરકારી બાકડા પર પાંચ થી આઠ જેટલા ગંજેડીઓ વહેલી સવારે ગાંજો પીતા હોય જેથી અજયભાઇ દાફડાએ પંડાલની બાજુમાં ગાંજો પીવાની ના કહેતા આ લુખ્ખા તત્વોએ હુમલો કરી ગળુ દબાવી માર મારી ખુરશીઓના છુટ્ટા ઘા કર્યા હતા. ત્યારબાદ ગંજેરીઓ ત્યાથી ચાલ્યા ગયા હતા અને અમુલ સર્કલ પાસે આવેલ મોહનભાઇ સરવૈયા હોલની નીચે ગ્રાઉન્ડ ફલોરમાં આવેલ પાનની દુકાન પાસેથી સોડા બોટલનું ગાલુ લઇ ફરી સત્યમ પાર્કની બાજુમાં આવેલ થોરાળા કા રાજા ગણેશ પંડાલ પર આવી સોડા બોટલના છુટ્ટા ઘા કરી નાસી ગયા હતા. આ ઘટના બાદ પંડાલના સંચાલક અજયભાઇ દાફડા અને અન્ય આયોજકો સહિતનો કાફલો થોરાળા પોલીસે પહોંચી આ ઘટના અંગે ફરીયાદ નોંધાવી હતી.

વડોદરામાં ગણેશ સ્થાપના સમયે ઇંડા ફેંકનાર લુખ્ખા તત્વોનું વડોદરા પોલીસે સરઘસ કાઢી કાયદાનું ભાન કરાવ્યું હતું. પરંતુ રાજકોટમાં બનેલી આ ઘટનામાં પોલીસ આ નસેડીઓને કાયદાનું ભાન કરાવશે કે નહીં? તે જોવાનું રહેશે અને આ ઘટનાથી રાજકોટની ધર્મ પ્રેમી પ્રજાને ઠેસ પહોંચતા રોષ જોવા મળી રહ્યો છે.

**થોરાળાના સત્યમપાર્ક પાસે વહેલી સવારે બનેલી ઘટનાઃ ગણેશ પંડાલની બાજુમાં સરકારી બાકડા પર ગાંજો પીવાની ના કહેતા લુખ્ખાઓ વિફર્યાઃ થોરાળા પોલીસમાં આયોજકે કરી ફરીયાદ**

## ખીરસરા-ચીભડા રોડ પર રૂ.૩.૮૭ લાખના દારૂ ભરેલી કાર સાથે રાજસ્થાની શખ્સ ઝડપાયો

મેટોડા જીઆઇડીસી પોલીસે કાર સહિત રૂ.૫.૧૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી સપ્લાયર અને દારૂ મંગાવનાર બુટલેગરની શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મેટોડા જીઆઇડીસીમાં ખુલ્લે આમ દારૂનું વેંચણ થતું હોવાના અગાઉ સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ થયા બાદ મેટોડા જીઆઇડીસી પોલીસ દ્વારા હરકતમાં આવી પેટ્રોલિંગ સઘન બનાવવામાં આવતા ખીરસરા-ચીભડા રોડ પર રૂ.૩.૮૭ લાખનો વિદેશી દારૂ ભરલી કાર સાથે રાજસ્થાની શખ્સની ધરપકડ કરી તપાસ હાથ ધરવામાં આવી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ મેટોડા જીઆઇડીસી પોલીસ મથકના પીઆઇ એસ.એન.શર્માની સુચનાથી ડી સ્ટાફના રાજદિપસિંહ ગોહિલ, નિતિનભાઇ મકવાણા સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, ખીરસરા-ચીભડા રોડ પરથી દારૂ ભરેલી કાર નિકળવાની હોવાની હકીકતના આધારે પોલસે સહજાનંદ ગૌશાળાની સામે વોચ ગોઠવી હતી. તે દરમ્યાન વેગેનાર કાર શંકાસ્પદ રીતે નિકળતા પોલીસે તેને અટકાવી કારની તલાસી લેતા જેમાંથી ૩૦૦ બોટલ વિદેશી દારૂ કિંમત રૂ.૩.૮૭ લાખનો જથ્થો મળી આવતા પોલીસે કારના ચાલક પ્રદિપકુમાર કિરીટ ઉમ્મટ (રહે. ચોટીલા-વિછીંયા રોડ, મુળ વતન રાજસ્થાન)ની ધરપકડ કરી કાર સહિત રૂ.૫.૧૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી દારૂનો જથ્થો કોને મોકલાવ્યો અને કોને આપવાનો હતો તે દિશામાં વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## સામાકાંઠે રૂ.૬૫.૫૮ લાખની રાખડીઓ મંગાવી સુરતના શખ્સે વેપારી સાથે કરી ઠગાઇ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સામાકાંઠે વેપારી પાસેથી રક્ષાબંધન પહેલા સુરતના શખ્સે રૂ.૬૫.૫૮ લાખની રાખડીઓ મંગાવી નાણા નહીં આપી છેતરપીંડી કરતા બી-ડિવિઝન પોલીસમાં ફરીયાદ નોંધાઇ છે.

આ અંગેની માહિતી મુજબ યુનિવર્સિટી રોડ પર સનરાઇઝ એપાર્ટમેન્ટમાં રહેતા અને પેડક રોડ પર જી.બી.ડાયમન્ડ કોમ્પ્લેક્ષની ઉપર ઓફિસ ધરાવતા પ્રવિણભાઇ કાનજીભાઇ ઘેડીયા નામના વેપારીએ બિ-ડિવિઝન પોલીસમાં સુરતના અમરોલી વિસ્તારમાં શ્રી હરી કોમ્પ્લેક્ષમાં રહેતો યોગેશ પ્રવિણચંદ્ર ગઢીયા નામના વેપારી સામે ફરીયાદ નોંધાવી છે કે, રક્ષાબંધન પહેલા સુરતના વેપારીએ ધંધાકીય સંબંધ કેળવી વિશ્વાસમાં લઇ ૬૫.૫૮ લાખની રાખડીઓ મંગાવી રક્ષાબંધન પછી નાણાં આપી દેવાનો વાયદો કરી આજદિન સુધી નાણાં નહીં આપી કે માલ પરત નહીં છેતરપીંડી કરી વિશ્વાસઘાત કર્યો હોવાની ફરીયાદ નોંધાવતા એએસઆઇ એમ.એન.પીઠીયાએ ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

## વિદ્યાર્થીના આપઘાતના પ્રકરણમાં ABVPએ ડાંગર કોલેજમાં કરી તોડફોડ

ચાલુ કલાસે છાત્રને બહાર કાઢી વર્ગખંડને તાળા મારી કોલેજ બંધ કરાવીઃ ધરણાં, ઉગ્ર સૂત્રોચ્ચાર સાથે ન્યાયની કરી માંગ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર આવેલી બી.એ.ડાંગર મેડીકલ કોલેજમાં તબીબી વિદ્યાર્થીએ આપઘાત કર્યાની ઘટના સામે આવી છે. જેમાં પાસ કરાવવા પૈસા માંગવામાં આવ્યાં હોવાના આક્ષેપ થયા છે. આ બાબતે આજે અખિલ ભારતીય વિદ્યાર્થી પરીષદ દ્વારા કોલેજમાં હલ્લાબોલ કરવામાં આવ્યો હતો અને કોલેજ બંધ કરાવી તોડફોડ કરી હતી.

રોષે ભરાયેલા વિદ્યાર્થી સંગઠનના નેતાઓ દ્વારા કોલેજમાં વિરોધ પ્રદર્શન અને ઉગ્ર સુત્રોચ્ચાર કર્યા હતાં. વિદ્યાર્થીઓને ચાલુ કલાસે બહાર કાઢી તાળાબંધી કરી અને કોલેજ બંધ કરાવી હતી. આ દરમ્યાન મામલો વધારે બિચકતા વિદ્યાર્થીઓ દ્વારા કોલેજમાં તોડફોડ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા બારી-બારણા અને ઓફિસનાં કાચમાં તોડફોડ કરાય હતાં અને ધરણા પ્રદર્શન કરી વિરોધ વ્યકત કરવામાં આવ્યો હતો.

વિરોધ દરમ્યાન એબીવીપીનાં મંત્રી પુષ્પરાજ ઝાલાએ જણાવ્યું હતું કે ડાંગર કોલેજમાં પાસ કરાવવા માટે છાત્રો પાસેથી રૂપિયા લેવામાં આવે છે અને રૂપિયા લઈ પાસે કરાવાય છે. ડો.હરેશ જોગરાજીયા ચોરી કરાવવાના રૂપિયા લેતાં હોય તેમની સામે પણ કડક કાર્યવાહી થવી જોઈએ. મૃતક છાત્રા પર દેણુ હતું કે નહીં તેની જાણ નથી પરંતુ આ કેસમાં છાત્ર અને તેના પરિવારને ન્યાય મળવો જોઈએ.

## આરકે યુનિવર્સિટીએ કાઢી મુકેલા ત્રણ આફ્રીકન વિદ્યાર્થીઓની હોટલમાં ધમાલ

**ત્રંબા પાસે મકાન માલીકે સામાન બહાર ફેકી દેતા ઉશ્કેરાયાઃ યુનિવર્સિટીએ આગાઉ એમ્બેસીને પણ જાણ કરી હતી, એસઓજી પણ તપાસમાં જોડાઈ**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભાવનગર રોડ પર ત્રંબા પાસે ત્રણ આફ્રીકન વિદ્યાર્થીઓ અને મકાન માલીક વચ્ચે મારા મારી થતા આજીડેમ પોલીસ દોડી ગઈ હતી અને તપાસ કરતા મકાન માલીકે સામાન બહાર ફેકી દેતા વિદેશીઓ ઉશ્કેરાયા હતા અને હોટલમાં ધમાલ મચાવી હોવાનુ બહાર આવતા પોલીસે ત્રણેય વિદ્યાર્થીઓના પાસપોર્ટ-વિઝા ચેક કરી વિદ્યાર્થી અને યુનિવર્સિટીના મેનેજમેન્ટની વિશેષ પુછ્તાછ કરતા ત્રણ પૈકીના બે વિદ્યાર્થીઓને એક વર્ષ પુર્વે યુનિવર્સિટીમાંથી એડમીશન કેન્સલ કરી દિધાનુ અને એમબીસીને જાણ પણ કરી દિધાનુ બહાર આવતા એસઓજીની ટીમ પણ કાર્યવાહીમાં જોડાઈ હતી

આ અંગેની માહિતી મુજબ ત્રંબાગામે રહેતા આફ્રીકન વિદ્યાર્થીઓએ હોટલમાં ધમાલ મચાવી હતી જે બનાવ અંગે વિડીયો પણ વાયરલ થયો હતો. જાણ થતા આજીડેમ પોલીસ મથકના એએસઆઈ જયેશભાઈ કુરીયા સહીતના સ્ટાફે તપાસ કરતા માર-ામારી કરનાર ત્રણ આફ્રીકન વિદ્યાર્થીઓની પુછ્તાછ કરતા તે આર કે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા હોય અને ત્રંબા ગામે ભાડાના મકાનમાં રહેતા હતા.

દરમ્યાન મકાન માલીકે મકાન ખાલી કરવાનુ કહી સામાન બહાર ફેકી દેધો હતો જેથી ઉશ્કેરાયેલા વિદેશી વિદ્યાર્થીઓએ મારામારી કરી હોવાનુ પ્રાથમીક તપાસમાં બહાર આવ્યુ હતુ.

પોલીસે ત્રણેય વિદેશી વિદ્યાર્થીઓના પાસપોર્ટ અને વિઝા ચેક કરી પુછ્તાછ કરી હતી.તેમજ આર.કે યુનિવર્સિટીના મેનેજમેન્ટની પુછ્તાછ કરતા ત્રણ પૈકીના બે વિદ્યાર્થીઓ કોલેજમાં અભ્યાસ કરતા હતા અને તેને પણ અગાઉ કોલેજમાંથી છુટા કરી દિધા હતા અને આફ્રિકન એમબીસીને તે અંગે જાણ પણ કરી દિધાનુ જણાવતા પીઆઈ જાડેજા સહીતે વધુ કાર્યવાહી કરી છે.

## વ્યાજખોર માતા-પુત્રએ પઠાણી ઉઘરાણી કરી વેપારીને આપી ધમકી

વ્યાજે અપાવેલા રૂપિયા વ્યાજ સહિત ચૂકવી દીધા હોવા છતાં ત્રાસ આપતા હોવાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રહેતા ઈમીટેશનના વેપારીએ ભાઈને અપાવેલા રૂપિયા પાંચ લાખ વ્યાજસહિત ચૂકવી દીધા હોવા છતાં વ્યાજખોર માતા-પુત્રએ પઠાણી ઉઘરાણી કરી ધમકી આપી હોવાની પોલીસ દફતરે ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં ૮૦ ફૂટ રોડ ઉપર આવેલ ઓમ રેસીડેન્સીમાં રહેતા અને ભાવનગર રોડ ઉપર કેડી ચેમ્બરમાં પરેશ બેંગલ્સ નામની ઈમીટેશનની દુકાન ચલાવતા સંદિપભાઈ જયંતિભાઈ શનિશ્વરાના ભાઈ પરેશભાઈ શનેશ્વરાને પૈસાની જરૂરિયાત ઉભી થતાં તેમણે કરણપરામાં રહેતા જ્યોત્સનાબેન રમેશભાઈ રાઠોડ પાસેથી રૂા. પાંચ લાખ માસીક પાંચ ટકાના વ્યાજે અપાવ્યા હતાં. જે રૂપિયા વ્યાજ સહિત ચૂકવી દીધા હોવા છતાં જ્યોત્સનાબેન રાઠોડ અને તેના પુત્ર અમિત રમેશભાઈ રાઠોડ અવાર નવાર દુકાને આવી રૂપિયાની પઠાણી ઉઘરાણી કરી ત્રાસ આપતા હોવાની સંદિપભાઈ સનિશ્વરાએ એડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે એડીવીઝન પોલીસ મથકના પીએસઆઈ ડીવાય મહંત સહિતના સ્ટાફે તપાસનો દૌર લંબાવ્યો છે.

## શાપરના કારખાનામાં ક્રેનમાંથી પટ્ટો તૂટી જતા ભઠ્ઠી માથે પડતા શ્રમિકનું મોત

કેન મારફત ૮ ફુટ ઊંચી ભઠ્ઠી ફેરવતી વેળાએ સર્જાઈ દુર્ઘટનાઃ અન્ય બે ઈજાગ્રસ્તોને સારવારમાં ખસેડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર વેરાવળ ખાતે આવેલા વેલ્સન નામના કારખાનામાં આઠ ફૂટ ઊંચી તોતિંગ ભઠ્ઠી અન્ય જગ્યાએ શિફ્ટ કરવાનું કામ ચાલી રહ્યું હતું. જે માટે ક્રેન બોલાવવામાં આવી હતી. આ ક્રેનમાં પટ્ટા મારફત ભઠ્ઠી ઉચકવામાં આવી હતી. હલક ડોલક ન થાય તે માટે ત્રણ યુવાનો ભઠ્ઠીને પકડી સાથે ચાલી રહ્યા હતા. ત્યારે પટ્ટો તૂટતા આ તોતિંગ ભઠ્ઠી શ્રમિક યુવાનો પર ખાબકી હતી. ત્યારે એક યુવાનનું નીચે દબાઈ જવાથી કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય બેને ઈજા પહોંચતા સારવાર અર્થે રાજકોટ ખાનગી હોસ્પિટલે ખસેડવામાં આવ્યા છે.



આ અંગેની જાણવા મળતી વિગત મુજબ શાપરના વેલ્સન કારખાનામાં ગઈકાલે ત્રણ કર્મચારી કેનથી ભઠ્ઠી બીજી જગ્યા પર રાખતા હતા. ત્યારે અચાનક ક્રેનનો પટ્ટો તૂટી ગયો હતો. ભઠ્ઠી નીચે પડી ત્યારે જ રામશંકર પાટીરામ વર્મા (ઉ. વ.૨૭) ભઠ્ઠી નીચે દબાઈ ગયો હતો. તે ગંભીર રીતે ઘવાયો હતો ઉપરાંત બીજા બે કર્મચારીને પણ ઈજા થઈ હતી. રામશંકર વર્માની છાતી અને માથું દબાઈ જતા પ્રથમ સારવાર શાપર

ખાનગી હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે રાજકોટની હોસ્પિટલમાં લાવતા ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યુ હતું. પોલીસે મૃતદેહ પીએમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડયો હતો. જ્યારે બીજા બે ઈજાગ્રસ્ત શ્રમિક હાલ સારવાર હેઠળ છે. રામશંકર વર્મા મધ્યપ્રદેશ ઝાંસીનો વતની હતો. અહીં પોતાના પત્ની, દોઢ વર્ષના પુત્ર અને સાસુ સસરા સાથે રહેતો હતો. રામશંકરની પત્ની હાલ સગર્ભા છે. આવનાર સંતાન જન્મ લ્યે તે પહેલા જ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં ભારે કલ્પાંત છવાયો હતો.

## નાણાંની લેતી-દેતીમાં યુવાન પર હુમલો કરનાર ત્રિપુટી ઝડપાઇ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરનાં દોઢસો ફૂટ રીંગ રોડ ગાંધીગ્રામમા રહેતા અદનાન અલ્તાફભાઈ વિંધાણીને પંખાનાં પૈસાની લેતી દેતી મામલે નાણાવટી ચોક નજીક કવાર્ટરમાં રહેતા ભરત કોળી ઉર્ફે ટકો નરેન્દ્રસિંહ દરબાર અને મુસા નામનાં શાખસે દોઢસો ફુટ રીંગ રોડ પર આવેલી રવેચી હોટલ પાસે બોલાવી માર મારી અને વાહનમાં તોડફોડ કરી હતી આ ઘટનામા ત્રણેય આરોપીને એલસીબી ઝોન ૨ ની ટીમે ઝડપી લીધા હતા.

ઝડપાયેલા આરોપીઓમાં નાણાવટી ચોક આરએમસી કવાર્ટરમાં રહેતા નરેન્દ્રસિંહ પ્રભાતસિંહ ચૌહાણ, મુસ્તાક ઉર્ફે મુસો હુસેનભાઈ ખીયાણી અને ભરત ઉર્ફે સુનીલ કાનજીભાઈ અઘાડાને ઝડપી લેવામા આવ્યા હતા.

## રામવન નજીક લૌકિકે જતા બાઈક ચાલકનું કાર હડફેટે મોત

પ્રોઢે સારવારમાં દમ તોડતા પરિવારમાં કરૂણ કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ રોડ પર કોઠારીયા સોલવન્ટમાં રહેતા પ્રૌઢ બાઇક લઇ લૌકિકે જતા હતા ત્યારે કોઠારીયા બાયપાસ હાઇવે પર રામવન નજીક પહોંચતા કારની ઠોકરે ચડી જતા ગંભીર ઇજા થઇ હતી. જેનુ સારવાર દરમિયાન મોત નીપજતા પરિવારમાં ગમગીની છ્વાઇ જવા પામી છે.



આ અંગેની જાણવા મળતી વિગત મુજબ મુળ ચોટીલાના મહીદળ ગામના વતની અને હાલ કોઠારીયા સોલવન્ટમાં રાધીકા રેસીડન્સીમાં રહેતા કડવાભાઈ ભૂરાભાઈ તલસાણીયા (ઉ.વ.૫૫)નામના પ્રૌઢ ગત તા.૨૫/૮/૨૫ના સવારે તેના ગામમા અવસાન થયુ હોવાથી લૌકિકના કામે બાઇક લઈ જતા હતા. દરમિયાન કોઠારીયા બાયપાસ હાઈવે પર ખોખળદડથી આગળ રામવન નજીક પહોંચતા ઈકો કારના ચાલકે બાઇકને હડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. જેમાં કડવાભાઈને માથા ભાગે તથા શરીરે ગંભીર ઇજા થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેનુ સારવાર દરમિયાન હોસ્પિટલના બિછાને મોત નીપજ્યુ હતું. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી આજીડેમ પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાથમિક તપાસમાં મૃતક પ્રૌઢ ત્રણભાઈ બે બહેનમાં નાના અને ખેતી કામ કરતા હતા. તેમને સંતાનમાં ત્રણ પુત્ર હોવાનુ જાણવા મળ્યુ છે. આ અંગે પોલીસે અકસ્માત સર્જનાર કારચાલક વિરૂદ્ધ ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે